RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 314, Dt.24-02-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# આસામમાં નિકાહ-તલાકનો કાયદો રદ્દ કરાયો

## ભાજપ શાસિત વધુ એક રાજ્યમાં સમાન નાગરિકધારો લાગુ કરવા તૈયારીઃ ગઈકાલે રાત્રિના યોજાયેલી રાજ્ય કેબિનેટની બેઠકમાં ૧૯૭૫ના કાનૂનને રદ કરાયોઃ આ સમુદાયમાં લગ્ન માટે હિન્દુ જેવી જ ઉંમર સહિતની જોગવાઈઃ હેમંત બીસ્વા સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય





**મુખ્ય સમાચાર, ગુવાહાટી**

દેશમાં કોમન સિવિલ કાંડ સમાન નાગરિક ધારો લાગુ કરવા માટે ભાજપ શાસનના રાજયોમાં શરૂ કરાયેલી કવાયતમાં ઉતરાખંડ બાદ હવે સંવેદનશીલ ગણાતા આસામમાં પણ રાજય સરકારે બાળ વિવાહ પર પ્રતિબંધ તથા મુસ્લીમ વિવાહ અને તલાક કાનૂનને પણ રદ કર્યા છે. રાજયના મુખ્યમંત્રી હેમંત બિસ્વા સરમાના અધ્યક્ષપદ હેઠળ ગઈકાલે રાત્રીના મળેલી કેન્દ્રીય કેબીનેટની બેઠકમાં આ મહત્વપૂર્ણ નિર્ણય લેવાતા હવે કોમન સિવિલ કોડ માટે માર્ગ થઈ ગયો છે.

રાજય સરકારે બાળ લગ્ન પર પ્રતિબંધ ઉપરાંત મહત્વપૂર્ણ રીતે મુસ્લીમ વિવાહ તથા તલાક નોંધણી એકટ ૧૯૩૫ને ખત્મ કર્યા છે.

જેની જોગવાઈ મુજબ જો મુસ્લીમ સમુદાયમાં દુલ્હા-દુલ્હન લગ્નની સતાવાર ઉપરથી ઓછી વય એટલે કે દુલ્હા ૨૧ વર્ષથી ઓછી અને દુલ્હન ૧૮ વર્ષથી ઓછી ઉમરના હોય તો પણ તે લગ્ન નોંધણી થઈ શકતી હતી. હવે રાજય સરકારે બાલ-વિવાહ તરીકે આ પ્રકારના ઓછી ઉંમરે થતા લગ્નને પ્રતિબંધીત કરવા આ કાનૂનને રદ કર્યા છે અને હવે મુસ્લીમ લગ્નની નોંધણી સ્પેશ્યલ મેરેજ એકટ હેઠળ થશે.

જેમાં ઉમર મર્યાદા નિશ્ચિત છે અને રાજયમાં મુસ્લીમ લગ્ન નોંધણી માટે જે ૯૪ રજીસ્ટર નિયુકત થયા છે તેને પણ હવે દુર કરાશે. તેઓને વળતર તરીકે એક વખત રૂા.૨-૨ લાખ આપીને છુટા કરવામાં આવશે. મુખ્યમંત્રી એ જણાવ્યું કે અંગ્રેજ સમયનો આ કાનૂન હતો જે હાલની વ્યવસ્થાને સાનુકુળ નથી. રાજય સરકાર દાવો કર્યો કે આ કાનૂનની મોજૂદગી છતા મુસ્લીમ લગ્ન- છુટાછેડા નોંધણી ફરજીયાત ન હતી અને તેમાં નોંધણીની વ્યવસ્થા એક સામાન્ય કાર્યવાહી જેવી જ હતી જેના કારણે બાળવિવાહ પણ થતા હતા અને તેને રોકવાનો કોઈ વિકલ્પ જ ન હતો.

હવે સમાન નાગરિક ધારો જેમાં લગ્ન, છુટાછેડા, વારસા વિ. માટે તમામ સમુદાય માટે એક જ સરખા કાનૂન છે તે માટે સરકાર આગળ વધશે. જો કે ઓલ ઈન્ડીયા યુનાઈટેડ ડેમોક્રેટીક ફ્રંટના નેતા મૌલાના બદરૂદીન અજમલે આ નિર્ણયનો વિરોધ કર્યો હતો અને કહ્યું કે બાળલગ્ન બહુપત્ની પ્રથા ફકત મુસ્લીમ નહી અન્ય સમુદાયમાં પણ છે.

સરકારે તેને અટકાવવા બાળલગ્ન પ્રતિબંધીત કાનૂન લાદવા જોઈએ પણ મુખ્યમંત્રી હેમંત બિશ્વા સરમાએ કહ્યું કે, ૨૦૧૬થી જ અમોએ આ કાનૂન રદ કરવાની જાહેરાત કરી હતી અને હવે તેમાં ઉલ્લંઘનમાં નવા કાનૂનમાં ૨ વર્ષની સજા વધારી ૧૦ વર્ષ કરવામાં આવી છે.

# ખેડૂતોની માંગ પર વિચાર કરે કેન્દ્ર સરકાર, આંદોલનને લઈને સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**



ખેડૂત આંદોલનને લઈને હજારની સંખ્યામાં ખેડૂતો શંભૂ બોર્ડર પર ઉમટ્યા છે અને દિલ્હી કૂચના પ્રયાસ કરી રહ્યા છે. આ વચ્ચે, સુપ્રીમ કોર્ટમાં ખેડૂત આંદોલનને લઈને અરજી દાખલ કરાઈ છે. અરજીમાં માંગ કરાઈ છે કે સુપ્રીમ કોર્ટ ખેડૂતોને દિલ્હીમાં પ્રવેશ કરવાની મંજૂરી આપવા માટે કેન્દ્ર સરકારને આદેશ આપે. આ સિવાય, ખેડૂતોની માંગ પર સરકારને વિચાર કરવા માટે પણ કહેવાયું છે. આ અગાઉ હાઈકોર્ટમાં પણ એક અરજી થઈ હતી.ખેડૂત આંદોલનમાં પ્રદર્શનકારીઓના જેસીબી અને મોડિફાઈડ ટ્રેક્ટરોના ઉપયોગથી કાયદો વ્યવસ્થા બગડવાની દલીલ આપતા હરિયાણા અને કેન્દ્ર સરકાર તરફથી દાખલ અરજી પર પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે તાત્કાલિક સુનાવણી કરવાનો ઈન્કાર કરી દીધો હતો. હાઈકોર્ટે કહ્યું કે, સરકાર પોતાની જવાબદારી નિભાવવાના બદલે કોર્ટનો ઉપયોગ કરવામાં લાગી છે. તમામ આ મામલે રાજનીતિ કરી રહ્યા છે.

# 'આપ'-કોંગ્રેસ વચ્ચે ડીલ ફાઈનલઃ ગુજરાતમાં ૨૪ બેઠક પર કોંગ્રેસ અને બે પર 'આપ' લડશે

## ભરૂચ અને ભાવનગરની બેઠક 'આપ'ને ફાળવાઈઃ અહેમદ પટેલ પરિવારના પ્રભુત્વવાળી ભરૂચ બેઠક 'આપ'ને ફાળવાઈ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં I.N.D.I.A ગઠબંધન અને ભાજપ વચ્ચે લોકસભામાં ચૂંટણી જંગ જામશે. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી (AAP) વચ્ચે બેઠકોની વહેંચણી થઇ ગઇ છે. જેમાં ગુજરાતની ૨૪ બેઠકો પર કોંગ્રેસ અને બે બેઠકો ભરૂચ અને ભાવનગર પર AAP લડશે. આ ગઠબંધનમાં ઉડીને આંખે વળગે તેવી વાત એ છે કે એક સમયે કોંગ્રેસ ચલાવતા સ્વ. અહેમદ પટેલના પરિવારના પ્રભૂત્વવાળી ભરૂચ બેઠક અઅડના ફાળે ગઇ છે. ઉલ્લેખનીય છે કે ગઈકાલે જ ફૈઝલ પટેલે દાવો કર્યો હતો કે તેઓ ભરૂચમાંથી ચૂંટણી લડવાના છે અને આજે જ કોંગ્રેસ-AAP સાથેની ડીલમાં ફૈઝલનું પત્તુ કપાયું છે. તો દિલ્હીમાં ગઠબંધનની જાહેરાત થતા જ ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે આ ગઠબંધનની આંધળા અને લંગડા સાથે સરખામણી કરી દીધી છે. આ સાથે દિલ્હીમાં અઅડ



૪ અને કોંગ્રેસ ૩ સીટ પર ચૂંટણી લડશે. હરિયાણામાં કોંગ્રેસ ૯ અને AAP એક સીટ પર ચૂંટણી લડશે. તો ચંદીગઢ સીટ પણ કોંગ્રેસના ફાળે ગઈ છે.

એ જ સમયે કોંગ્રેસ ગોવાની બંને લોકસભા બેઠક પર તેમના ઉમેદવારો ઊભા કરશે. પંજાબ માટે ગઠબંધનની ફોર્મ્યુલા હજુ સુધી નક્કી કરવામાં આવી નથી. શનિવારે, ૨૪ ફેબ્રુઆરીએ કોંગ્રેસ તરફથી મુકુલ વાસનિક અને અઅડ તરફથી સૌરભ ભારદ્વાજ અને આતિશીએ બેઠક વહેંચણીની ઔપચારિક જાહેરાત કરી.

આ દરમિયાન કોંગ્રેસના નેતા જયરામ નરેશે કહ્યું, પયુપીમાં ગઠબંધનની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. એને ફાઇનલ કરવામાં સમય લાગ્યો. આજે આમ આદમી પાર્ટી અને કોંગ્રેસે પણ ગઠબંધનને લઈને સત્તાવાર જાહેરાત કરી છે.

૨૩ ફેબ્રુઆરીના રોજ દિલ્હીમાં અઅડ અને કોંગ્રેસના ભારતીય સભ્યો વચ્ચે બેઠક યોજાઈ હતી. અહેવાલો અનુસાર, બંને પક્ષ દિલ્હીની ૭ લોકસભા બેઠકો માટે ૪-૩ની ફોર્મ્યુલા સાથે બહાર આવ્યા છે. કોંગ્રેસ ત્રણ બેઠક પર ઉમેદવારો ઊભા રાખશે. એમાં ચાંદની ચોક, ઉત્તર પશ્ચિમ અને ઉત્તર-પૂર્વ દિલ્હીની બેઠકોનો સમાવેશ થાય છે. એ જ સમયે અઅડ દિલ્હીની ચાર બેઠક પર તેમના ઉમેદવારો ઊભા કરવાની તૈયારી કરી રહી છે, જેમાં નવી દિલ્હી, સાઉથ દિલ્હી, પશ્ચિમ દિલ્હી અને પૂર્વ દિલ્હી બેઠકોનાં નામ સામેલ છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપે તમામ ૭ બેઠક કબજે કરી હતી.

પંજાબમાં ૧૩ લોકસભા સીટો પર કોંગ્રેસ અને AAP હજુ પણ સહમત નથી. AAP તમામ બેઠકો પર એકલા હાથે ચૂંટણી લડવાના મૂડમાં છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પણ ૧૦ ફેબ્રુઆરીએ પંજાબમાં આની જાહેરાત કરી હતી. તેમણે ૨૧ ફેબ્રુઆરીના રોજ કહ્યું હતું - પંજાબમાં એકલા લડવાનો નિર્ણય જીતવા માટે લેવામાં આવ્યો છે.

અઅડએ ઘણી વખત ભાર મૂક્યો છે કે તે I.N.D.I.A. સાથે છે, પરંતુ લોકસભા ચૂંટણી માટે વિવિધ રાજ્યોમાં તેના ઉમેદવારોની જાહેરાત પણ કરી રહી છે. અઅડએ ૮ ફેબ્રુઆરીએ આસામની ત્રણ બેઠક માટે તેના ઉમેદવારોની જાહેરાત કરી હતી.

# ઈરાનની ફરી એક વખત પાકિસ્તાન પર સર્જિકલ સ્ટ્રાઈક

## પાક.ની અંદર ઘુસી ઈરાને કર્યો ભીષણ હુમલોઃ ત્રાસવાદી સંગઠનના ટોચના કમાન્ડર સહિતના આતંકીઓ માર્યા ગયા

**મુખ્ય સમાચાર, ઈસ્લામાબાદ**

આતંકવાદના આશ્રયદાતા એવા પાકિસ્તાન પર ફરી એક વખત ઈરાને સજીર્કલ સ્ટ્રાઈક કરી હતી. પાકિસ્તાનની અંદર ઘુસીને ઈરાને આ ભીષણ હુમલો કર્યો હતો જેમાં ત્રાસવાદી સંગઠન જૈશ અલ અદલનો ટોચનો કમાંડર સહિતના આતંકીઓ માર્યા ગયા હતા.

ઈરાની મીડિયાના રિપોર્ટ પ્રમાણે ઈરાને આ વખતે પાકિસ્તાનમાં જમીની હુમલો કર્યો હતો. ઈરાની દળો પાકિસ્તાનમાં ઘુસી ગયા હતા અને જૈશ અલ અદલના ટોચના કમાંડરનો ખાત્મો કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે થોડા દિવસો પુર્વે ઈરાને પાકિસ્તાન પર હવાઈ હુમલો કર્યો હતો જે પછી પાકિસ્તાને પણ ઈરાન પર વળતો હવાઈ હુમલો કર્યો હતો જેને પગલે બન્ને દેશો વચ્ચે તનાવ વધી ગયો હતો.



મીડિયા રિપોર્ટ પ્રમાણે ઈરાની દળોએ પાકિસ્તાની સરહદમાં ઘુસીને વ્યુહાત્મક અને પુર્વનિયોજીત હુમલો કર્યો હતો તેમાં ત્રાસવાદી સંગઠનનો ટોચનો કમાંડર ઈસ્માઈલ શાહ બખ્શ તથા તેના અનેક સાગ્રીતો માર્યા ગયા હતા. જૈશ અલ અદલનુ ગઠન ૨૦૧૨માં થયુ હતું. આ સુન્ની સંગઠન છે જેનું સંચાલન ઈરાનના દક્ષિણ પુર્વિય પ્રાંત સિસ્તાન-બલુચીસ્તાનથી થાય છે. આ સંગઠનને ઈરાને ત્રાસવાદી સંગઠન જાહેર કર્યુ છે. ઈરાનમાં અનેક હુમલામાં આ સંગઠનનો હાથ હોવાનુ મનાય છે. ગત વર્ષે ડિસેમ્બરમાં બલુચિસ્તાનમાં એક પોલીસ સ્ટેશન પર હુમલામાં ૧૧ જવાનોના મોત થયા હતા. આ હુમલાની જવાબદારી જૈશ અલ અદલે લીધી હતી. આ સંગઠને ઈરાનના સુન્નીઓ માટે સિસ્તાન બલુચિસ્તાન પ્રાંતને આઝાદ કરાવવા માટે જેહાદ છેડી છે. બલુચિસ્તાનના લોકોને વધુ અધિકારો અપાવવા માંગે છે.

# માર્ચના પહેલા અઠવાડિયામાં લોકસભાની ચૂંટણી માટે ભાજપ ૧૦૦ ઉમેદવારોના નામ જાહેર કરે તેવી સંભાવના

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણીની તારીખ ચૂંટણી પંચ કોઈપણ સમયે જાહેર કરી શકે છે. તમામ રાજકીય પક્ષો ચૂંટણીની પૂરજોશમાં તૈયારી કરી રહ્યા છે. સૂત્રો પાસેથી માહિતી મળી રહી છે કે, ભાજપ માર્ચના પહેલા અઠવાડિયામાં ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી શકે છે. તેમાં ૧૦૦ ઉમેદવારોના નામ સામેલ થવાની આશા છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, પહેલી યાદીમાં મોટાભાગે તે બેઠકોનો સમાવેશ કરવામાં આવશે, જેમાં ભાજપ ૨૦૧૪ અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં હારી ગયું હતું. જેમાં ઉત્તર પ્રદેશની ૧૪ લોકસભા બેઠકોનો પણ સમાવેશ થાય છે. નોંધનીય છે કે, ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપના ઘણાં ઉમેદવારો બહુ ઓછા મતોથી હારી ગયા હતા અને કેટલાક



ઉમેદવારો બીજા ક્રમે પણ રહ્યા હતા. આવી સ્થિતિમાં ભાજપ માટે આ બેઠકો પ્રાથમિકતા પર છે. આ બેઠકો પર પહેલા ઉમેદવારોની જાહેરાત કરીને, ભાજપ તેમને લોકો સુધી પહોંચવાની પૂરતી તક આપવા માગે છે.

ભાજપ માર્ચના પહેલા અઠવાડિયામાં લોકસભા ચૂંટણી માટે તેની પ્રથમ યાદી જાહેર કરી શકે છે. ભાજપ ઉત્તર પ્રદેશ પર વધારે ધ્યાન આપી રહ્યું છે. આ સિવાય તમિલનાડુ, કેરળ, આંધ્રપ્રદેશ, તેલંગાણા, કર્ણાટક, પશ્ચિમ બંગાળ, પંજાબ, જમ્મુ કાશ્મીર, ઓડિશા અને મહારાષ્ટ્રની હારેલી બેઠકોનો સમાવેશ થાય છે. ભાજપના ઉમેદવારો આ રાજ્યોમાં ઘણી લોકસભા બેઠકો ખૂબ જ ઓછા માર્જિનથી હારી ગયા હતા.સૂત્રોના જણાવ્યાનુસાર, ભાજપ પુરી તાકાત અને ક્ષમતા સાથે લોકસભાની ચૂંટણીમાં ઉતરી રહ્યું છે. ભાજપની હાઈકમાન્ડનું ધ્યાન દેશભરની ૧૬૦ લોકસભા બેઠકો પર છે, જ્યાં ભાજપ ચૂંટણી હારી ગયા હતા અથવા પક્ષ બીજા ક્રમે આવ્યા હતા તથા જીતનું માર્જિન ખૂબ ઓછું હતું. આ બેઠકો પર ભાજપના ઉમેદવારોએ હરીફ ઉમેદવારોને કડક ટક્કર આપી હતી.

# કાલે રાજકોટમાં એઈમ્સ સહિત ૪૮૦૦૦ કરોડના વિકાસ કામોનું વડાપ્રધાનના હસ્તે લોકાર્પણ

## રાજકોટ તેમજ જામનગરમાં પીએમનો ભવ્ય રોડ શોઃ દ્વારકામાં કાલે આઈકોનિક સિગ્નેચર બ્રિજનું લોકાર્પણઃ આજે રાત્રિ રોકાણ જામનગરમાં



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્રની બે દિવસની મુલાકાત અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીનું રવિવારે બપોરે ૩ વાગ્યા આસપાસ દ્વારકાથી રાજકોટ ખાતે આગમન થશે. બપોરે ૩.૩૫ કલાકે તેઓ ખંઢેરી નજીક રૂા.૧૧૯૫ કરોડના ખર્ચે ગુજરાતની પ્રથમ અત્યાધુનિક એઇમ્સનું ઉદઘાટન કરશે. ૧૦૦ કરોડના ખર્ચે નિર્મિત ગુજરાતની સૌથી મોટી ઝનાના હોસ્પિટલની ભેટ પણ શહેરીજનોને આપશે.

આ ઉપરાંત ડ્રેનેજ, પાણી પુરવઠા નેટવર્ક તેમજ ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટના પાંચ પ્રકલ્પો તેમજ રૂડાના એક પ્રકલ્પ મળી કુલ ૨૦૩.૬૧ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ અને રૂા. ૨૯૧.૪૯ કરોડના જુદા જુદા ૨૨ પ્રકલ્પો મળી કુલ રૂા. ૪૯૫.૧૦ કરોડના વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરશે. રાજકોટમાં જુના એરપોર્ટથી રેસકોર્ષ સભા સ્થળ સુધી ૮૦૦ મીટરનો વડાપ્રધાનનો ભવ્ય રોડ-શો યોજાશે તેમજ સાંજે ૪.૪૫ કલાકે રેસકોર્ષ ખાતે સભાને સંબોધશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ૨૫ ફેબ્રુઆરીના રોજ રૂ. ૪૮ હજાર કરોડથી વધુના વિકાસકામોની ભેટ આપવા રાજકોટ પધારી રહ્યા છે, ત્યારે જૂના એરપોર્ટથી રેસકોર્સ સભાસ્થળ સુધીના ૮૦૦ મીટરના રૂટ પર વડાપ્રધાનશ્રીને સત્કારવા ભવ્ય રોડ શોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ રોડ શોના રૂટ પર અંદાજિત ૨૧ જેટલા સ્ટેજ તૈયાર કરવામાં આવી રહ્યા છે, જે અન્વયે રોડ શો દરમિયાન રાજકોટ મહાનગરપાલિકા અંતર્ગત ગુજરાતની ઓળખ સમા રાસ-ગરબા, રામાયણના પાત્રોની રજૂઆત કરાશે તથા નાસિક ઢોલના નાદ સાથે વડાપ્રધાનશ્રીનું સ્વાગત કરાશે. કર્ણાવતી શાળા અને સરસ્વતી શિશુ મંદિરના વિદ્યાર્થીઓ દ્વારા વડાપ્રધાનશ્રીનું અભિવાદન કરવામાં આવશે. તેમજ ભૂષણ સ્કુલના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ થીમ સ્ટેજ તથા ચંદ્રયાન અને સ્પોર્ટસ થીમ પર ગીત રજૂ કરાશે. સ્વામિનારાયણ ગુરુકુળના વિદ્યાર્થીઓ દ્વારા ઋષિકુમારોના વસ્ત્રોમાં મંત્રોચ્ચાર થકી વૈદિક વાતાવરણ ઉભું કરવામાં આવશે. પ્રયાસ સંસ્થાના દિવ્યાંગ બાળકો વિશિષ્ટ કૃતિ રજૂ કરીને આત્મવિશ્વાસ દર્શાવીને વડાપ્રધાનશ્રીને આવકારશે. સિફા ફિટનેસ સેન્ટર દ્વારા એરોબીક્સ અને ડિવાઈન યોગ સંસ્થા દ્વારા લાઇવ યોગ રજૂ કરાશે.

વધુમાં, વિવિધ સમાજની સંસ્કૃતિને ઉજાગર કરવા માટે આદિજાતિ, રાવળદેવ, તુરી બારોટ, મરાઠી, પંજાબી, સિંધી, બંગાળી, દાઉદી વ્હોરા અને કર્મકાંડી બ્રાહ્મણ ગ્રુપ દ્વારા પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈને પ્રધાનમંત્રીશ્રીને આવકારવામાં આવશે. ક્ષત્રિય બહેનો દ્વારા મારવાડી પહેરવેશ થકી સમાજની પરંપરાને ઉજાગર કરાશે. સાથેસાથે બ્રહ્માકુમારીઝ સંસ્થાના બહેનો, ગ્રામીણ રોજગાર તાલીમ કેન્દ્ર સહીત નિવૃત સૈનિકો વડાપ્રધાનનું અદકેરું અભિવાદન કરવામાં જોડાશે. આમ, શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓ સહીત રાજકોટવાસીઓ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને આવકારવા માટે થનગની રહ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી આજે રાત્રીથી આવતીકાલ સાંજ સુધી સૌરાષ્ટ્રમાં છે. આજે રાત્રે જામનગરમાં ઉતરાણ, રોડ-શો અને રાત્રી રોકાણ બાદ કાલે સવારે દ્વારકાથી ત્રણ જિલ્લાના ૪૧૦૦ કરોડના કામોના લોકાર્પણ અને ભૂમિપૂજન કરશે. તેમાં બેટ દ્વારકાના દરિયા પર બનેલો સિગ્નેચર બ્રીજનું ઉદઘાટન આઇકોનિક બનવાનું છે. બપોર બાદ રાજકોટમાં એઇમ્સના ઉદઘાટન અને રોડ-શો સાથે જાહેરસભા રેસકોર્ષ મેદાનમાં યોજાશે.

ઓખા-બેટને જોડતા આઈકોનીક સુદર્શન સેતુના લોકાર્પણ માટે આવી રહેલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તા.૨૪ની રાત્રે જામનગર આવી પહોંચશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સ્વાગત માટે એરોડ્રામ રોડ પર દિગજામ સર્કલથી સરૂસેકશન રોડ સુધીના તંત્રએ ઉભા કરેલા આઠ સ્લોટમાં જામનગરના હજારો નાગરિકો અને ભાજપા કાર્યકર્તાઓ વડાપ્રધાનના સ્વાગત માટે ઉમટશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી-૨૦૨૨ના એપ્રિલ માસ પછી બાવીસ મહિના બાદ આવતા હોવાથી કાર્યકરો, નાગરિકોમાં વિશેષ થનગનાટ છે. વડાપ્રધાનના આગમનના રૂટ પર એરફોર્સ રોડથી છેક સર્કીટ હાઉસ સુધી રોશની મુકવામાં આવી છે.

કેન્દ્રની ભાજપા સરકાર દ્વારા બેટને ભારતની મુળ ભુમિ સાથે જોડવા દરિયા ઉપર ચેલેજીંગ પ્રોજેક્ટ તરીકે બનેલા સુદર્શન સેતુનું સર્જન કરવામાં આવ્યું છે. જેનું લોકાર્પણ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આવતી કાલે તા.૨૫મીના રોજ સવારે થશે. વહિવટી તંત્રના જણાવ્યા મુજબ વડાપ્રધાન એરફોર્સ-૧ ખાતે તા.૨૪ની રાત્રે આવી પહોંચશે. જ્યાં તેઓના સ્વાગત બાદ સંભવત રાત્રે ૯ થી ૧૦ વચ્ચે તેઓ લાલબંગલા ખાતેના સર્કિટ હાઉસ રાત્રી રોકાણ માટે જતા પહેલા માર્ગ ઉપર લોકોનું ભાજપના કાર્યકરોનો અભિવાદન દિવસે જે માટે તંત્ર ૧૨૫ મીટરના આઠ પ્લોટ ખડા કર્યા છે.

# મોરબી:ઘર પાસે પાર્ક કરેલ કારમાંથી વિદેશી દારૂની ૨૧૫ બોટલ સાથે એક ઝડપાયો,અન્યનું નામ ખુલ્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ક્રાઇમ બ્રાંચ દ્વારા મોરબીના રવાપર ગામમાં આવેલ શિવ શકિત સોસાયટીમાં પૂર્વ બાતમીને આધારે દરોડો કરી રહેણાંક પાસે પાર્ક કરેલ બ્રેઝા કારમાંથી ઇંગ્લીશ દારૂની ૨૧૫ નંગ બોટલ સાથે આરોપીને ઝડપી લીધેલ હતો. આરોપીની પ્રાથમિક પૂછતાછમાં અન્ય એક આરોપીનું નામ ખુલવા પામ્યું હતું, ત્યારે પોલીસે બ્રેઝા કાર, વિદેશી દારૂ, મોબાઇલ સહીત કુલ રૂ.૪.૯૭ લાખથી વધારેનો મુદામાલ જપ્ત કરી બંને આરોપીઓ વિરુદ્ધ પ્રોહી. હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

મળતી માહિતી અનુસાર મોરબી એલ.સી.બી./ પેરોલ ફર્લો સ્કવોડ જનરલ કોમ્બીંગ નાઇટ રાઉન્ડમાં હતા તે દરમ્યાન ઇંઈ સુરેશભાઇ હુંબલ, પૃથ્વીરાજસિંહ જાડેજા, દશરથસિંહ ચાવડા, તથા PC વિક્રમભાઇ ફુગસીયાને સયુંકતમાં ખાનગીરાહે બાતમી મળેલ કે, રવાપર ગામ




શિવશકિત સોસાયટીમાં રહેતો વિપુલભાઇ આહીર તેની બ્રેઝા કાર નં.GJ-36-L-3120માં ઇંગ્લીશ દારૂનો જથ્થો ભરી હેરાફેરી કરે છે અને હાલ આ કાર તેના રહેણાંક મકાન સામે આવેલ જાહેર પાર્કિંગમાં ઇંગ્લીશ દારૂનો જથ્થો ભરેલ હાલતમાં પડેલ છે.

જે મુજબની ચોકકસ હકિકત આધારે શિવશક્તિ સોસાયટીમાં રેઇડ કરતા વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની કુલ ૨૧૫ નંગ બોટલ કી.રૂ.૯૨,૮૦૫/- તથા બ્રેઝા કાર કિ.રૂ.૪ લાખ તેમજ એક મોબાઇલ કિ.રૂ.૫,૦૦૦/-મળી કુલ રૂ.૪,૯૭,૮૦૫/-નો મુદામાલ સાથે આરોપી વિપુલભાઇ નરસંગભાઇ બાલાસરા રહે.રવાપર ગામ શિવ શકિત સોસાયટી મોરબીની સ્થળ ઉપરથી અટક કરાઈ હતી. દરોડા દરમિયાન પકડાયેલ આરોપીની સઘન પૂછપરછમાં વિદેશી દારૂની હેરાફેરીમાં અન્ય આરોપી દેવજીભાઇ ઉર્ફે દેવો લાલજીભાઇ પરમાર રહે.મોરબી વાવડી રોડ, કબીર આશ્રમ પાસેનું નામ ખુલતા તેને ફરાર દર્શાવી તેની અટક કરવા તજવીજ હાથ ધરી બંને આરોપીઓ વિરુદ્ધ મોરબી એ ડિવિઝન પોલીસ મથકમાં પ્રોહી. એક્ટ હેઠળ ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# ચારણ સમાજ પર વિવાદિત ટીપ્પણી મામલે ગીગા ભમ્મર સામે કાયદાકીય કરવા રાષ્ટ્રીય દેવીપુત્ર સેના દ્વારા મોરબી કલેક્ટરને આવેદન







**મુખ્ય સમાચાર, મોરબી**

ચારણ સમાજ ઉપર આયર સમાજના ગીગા ભમ્મર દ્વારા જાહેર મંચ ઉપરથી બેફામ વાણીવિલાસ કરી આપેલ નિવેદનનો સખ્ત વિરોધ કરી મોરબી જીલ્લા કલેક્ટરને રાષ્ટ્રીય દેવીપુત્ર સેના દ્વારા આવેદન આપી ગીગા ભમ્મર સામે કાયદાકીય પગલાની માંગણી સાથે વિરોધ દર્શાવ્યો હતો


તાજેતરમાં આયર સમાજના તળાજા ખાતે ૧૪/૦૨/૨૦૨૪ના રોજ યોજાયેલ સમૂહ લગ્નમાં આયર સમાજના ગીગા ભમ્મર દ્વારા વિવાદિત ટીપ્પણી કરી ચારણ સમાજ તેમજ તેમના આરાધ્યા દેવીઓનું ઘોર અપમાન કરેલ હતું. જેથી ગીગા ભમ્મર દ્વારા કરવામાં આવેલ બફાટનો ચારણ સમાજ તેનો ઘોર વિરોધ કરી સખ્ત શબ્દોમાં વખોડી કાઢે છે. ત્યારે આવી વ્યકિતઓ બે સમાજ વચ્ચે વૈમનસ્ય ફેલાવે છે. આવા તત્વો સામે કાયદાકીય પગલા ભરી નશ્યત કરવાની સમાજની લાગણી અને માંગણી સાથે મોરબી જીલ્લા કલેક્ટરને આવેદન આપ્યું હતું.

# હળવદના ચાડધ્રા ગામે બ્રાહ્મણી નદીમાં ખનીજ વિભાગનો દરોડો: રેતી ચોરી કરતા વાહનો સહિત ૧.૧૦ કરોડનો મુદ્દામાલ કબ્જે કરાયો

**મુખ્ય સમાચાર, હળવદ**

મોરબી ખાણ ખનિજ વિભાગ દ્વારા ફરિયાદને આધારે હળવદ તાલુકાના ચાડધ્રા વિસ્તારમાં આવેલ બ્રાહ્મણી નદી પટ્ટ વિસ્તારમાં ચેકીંગ હાથ ધરતા ગેર કાયદેસર સાદી રેતી ચોરી કરી ખનન કરતાં એક લોડર અને ત્રણ ડમ્પર સહિત કુલ ૧.૧૦ કરોડનો મુદ્દામાલ પકડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ખાણ અને ખનીજ વિભાગ મોરબીના અધિકારી જે. એસ. વાઢેરની સુચના અન્વયે રોયલ્ટી ઇન્સપેક્ટર આર. કે. કણસાગરા, માઈન્સ સુપર વાઈઝર એમ. આર. ગોજીયા તથા સર્વેયર યુ.જી. સુવા અને એમ.ડી. ઉપરાણીયા દ્વારા હળવદ તાલુકાના ચાડધ્રા ખાતે બ્રાહ્મણી





નદીના પટ્ટ વિસ્તારમાં ખનિજ સાદી રેતી ચોરીની ફરિયાદ બાબતે તપાસ હાથ ધરતા નદીના પટ્ટ વિસ્તારમાં સાદી રેતી ખનીજના બિન અધિકૃત એક લોડર તથા સાદી રેતીના વહન માટે ત્રણ ડમ્પરને પકડી કુલ ૧.૧૦ કરોડનો મુદ્દામાલ કબ્જે કરી હળવદ તાલુકા પોલીસની કસ્ટડીમાં સોંપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# મિશ્ર ઋતુના કારણે મોરબીમાં રોગચાળાએ માથું ઉચક્યું





**મુખ્ય સમાચાર, મોરબી**

હાલમાં દિવસે ઉનાળો અને રાત્રે શિયાળા નો માહોલ જોવા મળી રહ્યો છે અને ઋતુ બદલાવ થવાનો સમયગાળો ચાલુ છે ત્યારે મિશ્ર ઋતુ ને કારણે મોરબીમાં રોગચાળા એ પણ માથું ઉચક્યું છે અને તાવ ,શરદી ઉધરસ જેવા લક્ષણો સાથે વાયરલ ઇન્ફેક્શન ના કેસોમાં વધારો થયો છે.

મોરબી સિવિલ હોસ્પિટલમાં ગત મહિનામાં ૯૭૮ જેટલા કેસો નોંધાયા હતા ત્યારે ચાલુ માસના ૨૨ દિવસ દરમિયાન ૭૯૧ જેટલા કેસો નોંધાયા છે અને આ સિવાય પણ મોરબીની અન્ય ખાનગી હોસ્પિટલોમાં પણ વાયરલ ઇન્ફેક્શન ના કેસનો ઢગલો જોવા મળી રહ્યો છે.તેમજ આ પ્રકારના ઇન્ફેક્શન વધુ પડતાં હવા થી ફેલાતા હોય છે તો આનાથી બચવા માટે દરેક લોકોએ માસ્ક પહેરવું જોઈએ તેમ મોરબી સિવિલ હોસ્પિટલ ના સુપ્રિટેન્ડેટ ડો.પ્રદીપ દુધરેજિયા એ જણાવ્યું હતું.

# માળીયા(મી)ના વવાણીયા ગામે આવેલ વાડામાં વિદેશી દારૂના કટીંગ વેળા પોલીસ ત્રાટકી

## પોલીસે ક્રેટા કાર, દારૂની ૧૨૦ બોટલ સહીત રૂ.૧૦.૬૧ લાખનો મુદામાલ કબ્જે લીધો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી એલસીબી પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે માળીયા(મી)ના વવાણીયા ગામે આવેલ વાડામાં રેઇડ કરતા ક્રેટા કારમાં તથા નીચે જમીન ઉપર વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડની કુલ ૧૨૦ બોટલ સાથે બે આરોપીને ઝડપી લેવામાં આવ્યા હતા જયારે પોલીસને દૂરથી આવતા જોઈ આરોપી વાડા-માલીક નાસી ગયો હતો. દરોડા દરમિયાન પકડાયેલ આરોપીની સઘન પૂછપરછમાં રાજસ્થાનથી માલ ભરી આપનારનું નામ ખુલતા પોલીસે કુલ ચાર આરોપીઓ તથા તપાસમાં ખુલ્લે તેના વિરુદ્ધ પ્રોહી. એક્ટ હેઠળ ગુનો નોંધી નાસી છૂટેલ તથા હાજર નહિ મળેલ આરોપીઓને પકડી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.


મળતી માહિતી અનુસાર મોરબી એલસીબી/પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમને બાતમી મળી હતી કે માળીયા(મી)ના વવાણીયા ગામે મહાકાળી મંદિરની પાસે આવેલ સાગરભાઈ ઉર્ફે ઠુઠો ના વાડામાં અમુક ઈસમો દ્વારા વેચાણ કરવાના આશયથી વિદેશી દારૂનો જથ્થો વાહનમાંથી ઉતારવાની પ્રવૃત્તિ ચાલતી હોવાની ચોક્કસ બાતમી મળી હતી. મળેલ બાતમીને આધારે એલસીબી/પેરોલ ફર્લો ટીમ દ્વારા માળીયા(મી)ના વવાણીયા ગામે આવેલ વાડામાં દરોડો પાડતા પોલીસને દૂરથી આવતા જોઈ વાડા-માલીક સાગરભાઈ ઉર્ફે ઠુઠો રામૈયાભાઈ સવસેટા સિમ તરફ નાસી ગયો હતો. જયારે બે આરોપી નંબર પ્લેટ વગરની ક્રેટા કારમાં વિદેશી દારૂનો જથ્થો ઉતારી જમીન ઉપર રાખતા હતા.


ત્યારે એલસીબી પોલીસ ટીમે સ્થળ ઉપરથી નંબર પ્લેટ વગરની ક્રેટા કાર, વિદેશ દારૂની જુદી જુદી બ્રાન્ડની ૧૨૦ બોટલ સાથે આરોપી દેવજીભાઇ ઉર્ફે દેવો લાલજીભાઇ પરમાર ઉવ.૩૩ રહે. હાલ મોરબી વાવડી રોડ, ભૂમી ટાવર સામે, કબીર આશ્રમ પાસે મુળરહે.રાજકોટ મોરબી રોડ,મફતીયાપરા તથા સુખરામ ઉર્ફે હનુમાન બાબુલાલ મોતીલાલ સઉ ઉવ. ૩૫ રહે. હેમાગુડા ગામ, જી. ચિત્તલવાના રાજસ્થાનને ઝડપી લેવાયા હતા. જયારે દરોડા દરમિયાન પકડાયેલ બંને આરોપીની સઘન પૂછપરછમાં વિદેશી દારૂનો જથ્થો રાજસ્થાનથી ભરી આપનાર આરોપી નરપતસીંગ રાજપુત રહે.બાડમેર રાજસ્થાનના નામની કબૂલાત આપી હતી. ત્યારે પોલીસે કાર, વિદેશી દારૂ, મોબાઇલ નંગ ૨ સહીત કુલ રૂ.૧૦.૬૧લાખથી વધુનો મુદામાલ કબ્જે લઇ માળીયા(મી) પોલીસ મથકમાં કુલ ચાર આરોપીઓ તથા તપાસમાં ખુલ્લે તેના વિરુદ્ધ પ્રોહી. એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ રવાપર ગામે શિવશક્તિ સોસાયટીમાં બ્રેઝા કારમાં પકડાયેલ વિદેશી દારૂનો જથ્થો રાજસ્થાનથી ભરી વાવડી રોડ ખાતે રહેતા દેવજી પરમાર સાથે મળી સાગર ઉર્ફે ઠુઠો તથા વિપુલ બાલાસરને આપવા આવેલ હોવાની પકડાયેલ રાજસ્થાની આરોપી દ્વારા કબૂલાત આપી હતી.

## ધારાસભ્ય રિવાબા જાડેજાની રજૂઆતને સફળતા

# જામનગરમાં ૪૮ હજાર ચો.મી. જમીન પર નિર્માણ થશે રૂ. ૨૧ કરોડના ખર્ચે જિલ્લા સ્પોર્ટસ કોમ્પલેક્ષ





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના રમતગમતના ખેલાડીઓને આગામી દિવસોમાં એક અદ્યતન અને વિવિધ રમતો માટેના મેદાનની ડિસ્ટ્રેક્ટ સ્પોર્ટસ કોમ્પલેક્ષના સ્વરૂપમાં ખૂબ જ ઉપયોગી ભેટ મળશે. ૮૯-જામનગર વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય રિવાબા જાડેજાએ જામનગરમાં સ્પોર્ટસ કોમ્પલેક્ષના નિર્માણ માટે કરેલી સતત રજૂઆતોને સફળતા મળી છે અને જામનગરમાં ગાંધીનગર રેલવે સ્ટેશન પાસે બ્રુક બોન્ડવાળી જમીનમાં ૪૮ હજાર ચોરસમીટરની વિશાળ જગ્યામાં સ્પોર્ટસ કોમ્પલેક્ષ બનાવવા ગુજરાત સરકારે મંજુરી આપી છે.જામનગર શહેર.જિલ્લામાં વિવિધ રમતોના ખેલાડીઓ માટે હાલ કોઈ સરકારી મોટું મેદાન નથી કે ખાસ કોઈ સુવિધા નથી.આ સંજોગોમાં ધારાસભ્ય રિવાબા જાડેજાએ ૧૭-૩-૨૦૨૩ ના દિને રાજ્યના રમતગમત-સાંસ્કૃતિક વિભાગના મંત્રી હર્ષભાઈ સંઘવીને પત્ર લખી બ્રુક બોન્ડવાળી જમીન સ્પોર્ટસ સંકુલ માટે ફાળવવા ભલામણ-રજૂઆત કરી હતી. તે સંદર્ભમાં મંત્રી હર્ષભાઈ સંઘવીએ જામનગર જિલ્લા કલેક્ટરને સૂચના આપતા ૪૮,૬૯૮ ચો.મી. જમીન ફાળવવા અને તે જમીનના વર્ગોફેરની કાર્યવાહી કરવામાં આવી હતી.

જામનગર ડિસ્ટ્રીક્ટ સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં ઈન્ડોર તથા આઉટડોર રમતો માટેની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે. અંદાજે રૂા. ૨૧ કરોડના ખર્ચે આ સંકુલ તૈયાર થવાની ધારણા છે.આ કોમ્પલેક્ષમાં રમતગમતના મેદાનો કોર્ટ માટેનો પ્લાન તૈયાર કરવામાં આવી રહ્યો છે. જેમાં બાસ્કેટ બોલ, વોલીબોલ, ખો-ખો, કબડ્ડી, લોન ટેનિસ, ફૂટબોલના મેદાન હશે. આ ઉપરાંત આધુનિક ૪૦૦ મીટરનો એથ્લેટિક ટ્રેક બનશે. ઈન્ડોર રમતો માટેનું બિલ્ડીંગ, ખેલાડીઓ માટે ટોયલેટ બ્લોક, ચેઈન્જ રૂમ, જુદા જુદા એન્ટ્રી-એક્ઝીટ ગેઈટ, પાર્કિંગની પર્યાપ્ત સુવિધા, સિક્યોરીટી માટેની વ્યવસ્થા કરવામાં આવનાર છે અર્થાત્ આ સ્પોર્ટસ કોમ્પલેક્ષ એક સંપૂર્ણ, આધુનિક સુવિધાઓથી સજ્જ અને ખેલાડીઓને રમતગમત માટે આદર્શ પ્લેટફોર્મ સમાન બની રહેશે.ધારાસભ્ય રિવાબા જાડેજાના જણાવ્યા પ્રમાણે આગામી ટૂંક સમયમાં જ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ડિસ્ટ્રીક્ટ સ્પોર્ટસ કોમ્પલેક્ષનું ખાતમુહૂર્ત કરવામાં આવશે અને ત્યારપછી તેનું નિર્માણ કાર્ય શરૂ કરી દેવામાં આવશે.જામનગરના ઉગતા ખેલાડીઓ તેમની પ્રતિભા ઝળકાવી શકે તેવા મેદાનની સુવિધા ધારાસભ્ય રિવાબા જાડેજાના પ્રયાસોના કારણે. ઉપલબ્ધ થશે. જામનગરમાં રંગમતિ-નાગમતિ નદી પર રીવર ફ્રન્ટ પ્રોજેક્ટને મંજુર કરાવવાની સફળતા પછી રિવાબા જાડેજાની આ બીજી મોટી સફળતા છે.

# માળીયા(મી): સુરજબારી પુલ નજીક ટ્રક ટ્રેઈલરે અંજાર ડેપોની એસટી બસની પાછળ અથડાવી કર્યું નુકસાન

**મુખ્ય સમાચાર, જામનગર**

માળીયા(મી) નજીક અંજાર-જામનગર રૂટની એસટી બસને અકસ્માત નડ્યો હતો. જે અકસ્માતમાં ટ્રક ટ્રેઈલરે એસટી બસને પાછળથી ઠોકર મારતા બસની ડેકી તથા બમ્પરમાં નુકસાની થઇ હતી.

મળતી માહિતી મુજબ અંજાર ડેપોની એસટી બસ કે જે અંજાર જામનગર રૂટમાં ચાલતી હોય ત્યારે ગઈકાલ તા.૨૩/૦૨ ના રોજ અંજાર-જામનગર એસટી બસ રજી. જીજે-૧૮-એક્સ-૯૧૬૧તેના રોજના નિયમિત સમયે સવારે ૬ વાગ્યે અંજારથી જામનગર જવા માટે નીકળેલ ત્યારે સુરજબારી પુલથી માળીયા(મી) નજીક રોડ ઉપર ઘેટા-બકરા જતા હોય જેથી એસટી બસના ચાલકે બસ ધીમી પાડતા પાછળથી આવતા ટ્રક ટ્રેઈલર રજી. જીજે-૧૨-એટી-૬૦૪૦ના ચાલકે પોતાના હવાલા વાળો ટ્રક પૂર ઝડપે ચલાવી એસટી બસની પાછળ અથડાવી અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં એસટી બસની ડેકી તથા બમ્પરમાં નુકસાન થયું હતું. ત્યારે સમગ્ર અકસ્માતના બનાવ મામલે એસટી બસ ચાલક મનુભાઇ રામાભાઇ ચારણ ઉવ.૪૩ રહે.હાલ આદીપુર ગોલ્ડન સીટી ન્યુ. કોમ્પલેક્ષ મકાન નં.૨૦૬ તા.અંજાર જી.ભુજ (કચ્છ) મુળ રહે.ગામ-કંકુ થાભલા તા-ગોધરા જી.પંચમહાલ એ આરોપી ટ્રક ટ્રેઈલર ચાલક વિરુદ્ધ માળીયા(મી) પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ટ્રક ટ્રેઈલર ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ૧.૧૦ કરોડના ખર્ચે હરસુરપુર વાંડળીયા વચ્ચે માઈનોર બ્રિજનું ખાતમુહૂર્ત કરતા ધારાસભ્ય જનકભાઈ તળાવિયા







**મુખ્ય સમાચાર, આદીલખાન પઠાણ**

**બાબરા:** હરસુરપુર દેવળીયા ખાતે વિધિવત રીતે માઇનોર બ્રીજનો ખાતમુહુર્ત કાર્યક્રમ યોજાયો.રૂ. ૧ કરોડ ૧૦ લાખના ખર્ચે તૈયાર થનાર માઈનોર બ્રિજની કામગીરી વહેલી તકે કામગીરી ગુણવત્તા યુક્ત રીતે પૂર્ણ થશે.રૂપિયા ૧ કરોડ ૧૦ લાખના ખર્ચે હરસુરપુર વાંડળીયા વચ્ચે માઈનોર બ્રિજ બનાવવામાં આવશે જેની કામગીરી વહેલી તકે શરૂ કરવામાં આવશે,સમગ્ર ગુજરાત રાજ્યમાં વિકાસના કાર્યો પુર જોશથી ચાલી રહ્યા છે ત્યારે લાઠી બાબરાના ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવિયા ની ઉપસ્થિતિમાં લાઠી તાલુકાના હરસુરપુર વાંડળીયા વચ્ચે માઈનોર બ્રિજ બનાવવામાં ના કામનો ખાતમુહૂર્તનો કાર્યક્રમ વિધિવત રીતે યોજાયો હતો. જિલ્લા પંચાયત માર્ગ અને મકાનની રૂપિયા ૧ કરોડ ૧૦ લાખની અનુદાનની રકમ માંથી હરસુરપુર વાંડળીયા વચ્ચે માઈનોર બ્રિજ બનાવવાની કામગીરી ટુંક જ સમયમાં શરૂ કરવામાં આવશે, આગામી દિવસોમાં વહેલી તકે પૂર્ણ કરવામાં આવશે, હરસુરપુર ખાતે માઈનોર બ્રિજના ખાતમુહુર્ત પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયા એ ગ્રામજનો સાથે ચર્ચા કરી બ્રિજનું કામ ગુણવત્તા યુક્ત થાય તે અંગેની તકેદારી રાખવા જણાવ્યું હતું.લાઠી તાલુકાના હરસુરપુર ગામે માઈનોર બ્રીજના ખાતમુહુર્ત પ્રસંગે લાઠી બાબરાના ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવિયા, એટીવિટી સદસ્ય લાલજીભાઈ સાબલપરા, ગામના સરપંચ મહેન્દ્રભાઈ વાળા , પોપટભાઈ રૂપાપરા, વિનુભાઈ પડસાલા, કાંતિભાઈ દેવાણી, પરેશભાઈ બુહા, રાઘવભાઈ ખુમાણ, અરવિંદભાઈ દેવાણી, રાજુ ભાઈ દેવાણી, બેચરભાઈ બુહા સહિતના ગામના આગેવાનો, તાલુકા પંચાયતના સદસ્યો, ગ્રામ પંચાયતના સદસ્યો, ભાજપના તમામ હોદેદારો તેમજ માર્ગ અને મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઇજનેર શ્રી તુલેશભાઈ પડસાલા સહિતના અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીશ્રીઓ અને બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા...

# જામનગરમાં સંત રવિદાસજી જન્મ જયંતીની હર્ષોલ્લાસથી ઉજવણી







**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર સંત શિરોમણી ગુરુ રવિદાસજીની ૬૪૭મી જન્મ જયંતિની ઉજવણી આવી જામનગરમાં સંત શિરોમણી રવિદાસ મહારાજની જન્મ જયંતીની ઉજવણી સંત રવિદાસ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી હતી. ભીમવાસમાં સંત રવિદાસ શાળામાં ચોકલેટ વિતરણ કરાયું હતું. તેમજ કાર્યક્રમમાં મહાનુભવોએ સંત રવિદાસજીના જીવન વિશે પ્રેરક પ્રસંગો વર્ણવ્યા હતા.સંત શિરોમણી રવિદાસ મહારાજની જન્મ જયંતિ સંત રવિદાસ મહારાજના જીવન ચરિત્ર વિશેની જુદી જુદી વાતો કરી તેમના જીવન વિશેના પ્રેરક પ્રસંગો વર્ણવ્યા હતા.આ ઉજવણી પ્રસંગે સંત રવિદાસ ટ્રસ્ટ દ્વારા જામનગરમાં સંત રવિદાસ પ્રાથમિક શાળામાં. સંત રવિદાસ ટ્રસ્ટ દ્વારા સામતભાઈ પરમાર. બાબુભાઇ ચાવડા. લાલજીભાઈ સોલકી.નગર સેવક કેશુભાઈ માંડમ.વિજયભાઈ પરમાર. દેવજીભાઈ વાઘેલા.તથા સંત રવિદાસ ટ્રસ્ટના સભ્યો હાજર રહ્યા હતા.

# વડાપ્રધાન મોદીના કાર્યક્રમ અંગે સ્થળ નિરીક્ષણ કરતા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી






(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રાજકોટના રેસકોર્સ મેદાન ખાતે યોજાનારા કાર્યક્રમ અંગે સ્થળ નિરીક્ષણ કર્યું હતું.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ વડાપ્રધાનશ્રીના કાર્યક્રમ અંગેની બેઠક વ્યવસ્થા, વિક્ષેપ-રહિત વીજ પુરવઠો, ગ્રીન રૂમ તથા અન્ય વ્યવસ્થાઓ અને આકસ્મિક સંજોગોને પહોંચી વળવાની તંત્રની તૈયારીઓ વિશે સમીક્ષા કરી હતી. અને સંબંધિત સરકારી વિભાગોના અધિકારીઓને સ્થળ પર ચુસ્ત બંદોબસ્ત ગોઠવવા જરૂરી સૂચનાઓ આપી હતી.

ગૃહ રાજ્યમંત્રી સંઘવી સાથે મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયા, મેયરશ્રી નયનાબેન પેઢડીયા, સંસદ સભ્યશ્રી મોહનભાઈ કુંડારીયા તથા રામભાઈ મોકરીયા, ધારાસભ્યોશ્રી ઉદયભાઇ કાનગડ, રમેશભાઈ ટીલાળા તથા દર્શિતાબેન શાહ, પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, કલેક્ટર પ્રભવ જોષી, મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલ તથા અન્ય સરકારી વિભાગોના અધિકારીઓ જોડાયા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી ૨૫ ફેબ્રુઆરીના રોજ રાજકોટની મુલાકાતે આવવાના છે ત્યારે વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા સાથે મળી તૈયારીને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારકાથી સીધા ગુજરાતની પ્રથમ રાજકોટ એઇમ્સ ખાતે આવનાર છે. તેઓ એઇમ્સનું લોકાર્પણ કરી બાદમાં હોસ્પિટલના અલગ-અલગ વિભાગની મુલાકાત લેવાના છે અને ત્યારબાદ હેલિકોપ્ટર મારફત રાજકોટ જૂના એરપોર્ટ પહોંચશે અને એરપોર્ટથી રાજકોટ રેસકોર્સ મેદાન સુધી રોડ શો કરવામાં આવશે, જેમાં ૨૧થી વધુ સ્ટેજ પર વિવિધ સમાજ સંસ્થા અને ગ્રુપ દ્વારા પ્રધાનમંત્રીનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. રોડ શો પરથી તેઓ સભાસ્થળ પર પહોંચી સૌરાષ્ટ્રના વિવિધ વિકાસકામોના વર્ચ્યુલી લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રીની સુરક્ષામાં કુલ ૩ હજારથી વધારે પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ જોડાવવાના છે. જેમાં પોલીસ કમિશનરની અધ્યક્ષતામાં ૮ જેટલા DCP, ૧૬ જેટલા DYSP, ૫૦ જેટલા PI, ૧૫૦ જેટલા PSI, ૧૩૦૦થી વધુ પોલીસ જવાન, ૧૭૦થી વધુ મહિલા પોલીસ, ૨૮૦થી વધુ SRP જવાન, ૫૦૦ જેટલા હોમગાર્ડ અને ૬૦૦ જેટલા ટ્રાફિક વોર્ડન તૈનાત રહેશે.

## જસદણમાં બેંક મેનેજરના બંધ મકાનને નિશાન બનાવતા તસ્કરો

### રોકડ તથા સોનાના દાગીના ઉઠાવી ગયાઃ ત્રણ શખ્સો સીસીટીવી કેમેરામાં કેદ

**મુખ્ય સમાચાર, જસદણ**


જસદણમાં બાયપાસ રોડ પર આવેલ સહિયર સીટી સોસાયટીને ગત રાત્રીના ત્રણ અજાણ્યા તસ્કરોએ નિશાન બનાવી ચોરીને અંજામ આપતા રહીશોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. જો કે આ ચોરીની સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ જતા જસદણ પોલીસ મથકના પીઆઈ ટી.બી.જાની સહિતના સ્ટાફે સીસીટીવી ફૂટેજના આધારે અજાણ્યા ત્રણેય તસ્કરોને પકડી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા.

આ અંગેની માહિતી મુજબ જસદણમાં બાયપાસ રોડ પર આવેલ સહિયર સીટી સોસાયટીમાં રહેતા અને જસદણની એસ.બી.આઈ. બેંકમાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે ફરજ બજાવતા ત્રિલોકનાથ બાઘેલ અને તેમનો પરિવાર મથુરા વતનમાં ગયો હતો. જેનો ગત રાત્રીના ત્રણ અજાણ્યા તસ્કરોએ લાભ ઉઠાવી બંધ મકાનને નિશાન બનાવી તેમના ઘરમાંથી અંદાજે રૂ.૨૫ હજાર જેટલા રોકડા, ૧-સોનાનો ચેન, ૨-સોનાની વીંટી અને ચાંદીના વાસણો સહિતના મુદ્દામાલની ચોરી કરી પોલીસને ખુલ્લો પડકાર ફેંકતા ચકચાર મચી ગઈ હતી. બાદમાં ત્રણેય તસ્કરોએ તેમની બાજુમાં રહેતા યોગેશભાઈ મહેતાના મકાનને પણ નિશાન બનાવ્યું હતું. પરંતુ મકાનનો માત્ર દરવાજો તોડી ત્રણેય તસ્કરો નાસી છૂટતા ચોરીની બીજી ઘટના બનતી અટકી ગઈ હતી. આ બનાવની જાણ સવારે આજુબાજુના મકાન માલિકોને થતા તાત્કાલિક ભોગબનનાર મકાન માલિકોને જાણ કરાઈ હતી અને બાદમાં જસદણ પોલીસ મથકમાં જાણ કરાઈ હતી. જેના પગલે જસદણ પોલીસ મથકના પીઆઈ ટી.બી.જાની સહિતનો સ્ટાફ તાત્કાલિક બનાવ સ્થળે દોડી આવ્યો હતો અને સોસાયટીમાં રહેલા સીસીટીવી કેમેરા ચેક કરતા ત્રણ અજાણ્યા તસ્કરો સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયા હતા. જેના આધારે જસદણ પોલીસે અજાણ્યા ત્રણેય તસ્કરોને પકડી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા. હાલ આ ચોરીના બનાવમાં એસ.બી.આઈ. બેંકના આસિસ્ટન્ટ મેનેજર ત્રિલોકનાથ બાઘેલના નિવેદનના આધારે જસદણ પોલીસે આગળની તજવીજ હાથ ધરી છે.

## કાલાવડ રોડ પર જીમ સંચાલકની કારના કાચ તોડી તસ્કર રૂા.૧.૪૦ લાખ ઉઠાવી ગયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં કાલાવડ રોડ પર આવેલી સયાજી હોટેલ પાસે આગાઉ પણ કારના કાચ તોડી ગાંઠિયાઓ રોકડ તફડાવી ગયા હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે.ત્યારે વધુ એક ઘટના બનવા પામી છે. જેમાં સયાજી હોટલમાં યોજાયેલી એક મિટિંગમાં ગયેલા જીમ સંચાલકની પાર્ક કરેલી કારનો કાચ તોડી ગઠિયો રોકડ રૂ.૧.૪૦ લાખની રોકડ તફડાવી જતાં તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.



આ અંગેની માહિતી મુજબ કાલાવડ રોડ પર રૂડાનગર-૩ શેરી નં.-૨ કોર્નર ઈસ્કોન મંદિરની પાછળ રહેતા અને વાય નોટ ફિટનેશ નામે જિમ ચલાવતા મયુરભાઈ હરેશભાઈ સાવલીયા(ઉ.વ.૨૮) દ્વારા તાલુકા પોલીસ મથકમાં ફરિયાદમાં જણાવ્યું હતું કે,તા.૨૨ ના સાંજના પોતે પોતાની કાર લઈને ઘરેથી અહીં સયાજી હોટેલમા આઈ.પી.ઓ.ની મિટિંગ હોય જેથી પોતાની ગાડી સયાજી હોટેલની સામે રોડ ઉપર પાર્ક કરીને ચારેક વાગ્યે સયાજી હોટેલમા મિટિંગ માટે ગયા હતા અને રાત્રીના આશરે દશેક વાગ્યાની આસપાસ મિટિંગ પુરી કરીને પાર્ક કરેલી ગાડી પાસે આવતા કારનો ખાલી સાઈડનો આગળનો કાચ ટુટેલો હતો.બાદમાં અંદર જોતા ગાડીમાં રાખેલ થેલામા જીમના ધંધાના રોકડા એક લાખ ચાલીસ હજાર પુરા હતા તે થેલામાં જોવામાં આવેલ નહીં તેમજ ગાડીમાં પણ ૧૫૦૦ની નુકશાની કરી હતી.જેથી આ મામલે પોલીસ ફરિયાદ નોંધવામાં આવતા હેડકોન્સ્ટેબલ બી.આર.વસાણી અને સ્ટાફે વધુ ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ આધારે તસ્કરની શોધખોળ હાથ ધરી છે.

## માણાવદરમાં ભરબપોરે ભાજપ આગેવાનની હત્યા કરનાર ત્રણની ધરપકડ

### જુના મનદુઃખનો ખાર રાખી લગ્ન પ્રસંગમાં જમવા આવેલા યુવાન પર મહિલા સહિત પાંચ શખ્સો ઘાતક હથિયારો વડે તુટી પડયા હતા

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

માણાવદરમાં ગઈકાલે ભાજપના સ્થાનિક આગેવાનની ધોળા દિવસે બે શખ્સોએ છરી, કુહાડીના ઘા ઝીકીને હત્યા કર્યાના બનાવમાં એક મહિલા સહીત પાંચ શખ્સો સામે હત્યાનો ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે, જેમા પોલીસે મહિલા સહિત ૩ આરોપીની ધરપકડ કરી છે.જેમા મુખ્ય બે સુત્રધારો હજુ ફરાર છે.



માણાવદરના શહેર ભાજપ અનુસુચિત જનજાતિ મોરચાના પ્રમુખ જગદીશભાઈ લખમણભાઈ ઉલવા ઉ.૩૪ ની ગઈકાલે બપોરે રઘુવીરપરામાં બે શખ્સોએ છરીના ઘા ઝીકીને હત્યા કરી નાખી હતી, જે બનાવમાં મોડી રાતે તેમના કાકાના દીકરા મુળુભાઈ જીવાભાઈ ઉલવાની ફરિયાદ પરથી પોલીસે વેજા પોલા મોરી, હાર્દિક વેજા મોરી, પુરીબેન વેજા મોરી, રાજુ લખન કોડીયાતર અને એભા લખમણ કોડીયાતર નામના પાંચ શખ્સો સામે હત્યાનો ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે.

ફરિયાદમાં જણાવ્યાનુસાર મરનાર સાથે આરોપીને અગાઉ માથાકૂટ થયેલ અને જે જુના મનદુ:ખમાં તેમની હત્યા કરી નાખવામાં આવી હતી, વેજા અને હાર્દિક નામના પિતા-પુત્રએ છરીના ઘા ઝીક્યા હતા, જયારે પુરીબેને કુહાડી વડે હુમલો કર્યાનું જણાવ્યું છે, જયારે રાજુ અને એભા નામના શખ્સોએ હત્યા પહેલા રેકી કરીને મોબાઈલથી જાણ કરી હોવાનું સામે આવતા પોલીસે પાંચેય આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા જેમા પુરીબેન મોરી, રાજુ કોડીયાતર અને એભા કોડીયાતરની ધરપકડ કરી છે. જયારે અન્ય બે મુખ્ય હુમલાખોરો હજુ ફરાર છે.

## જામનગરમાં જમાઈ બન્યો જમ : સગીર સાળીને ભગાડવા આવેલા જમાઈએ સસરા પર કર્યો કુહાડીનો ઘા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના પ્રણામી વે બ્રિજ વિસ્તારમાં મધરાતે સગીર સાળીને ભગાડી જવા માટે આવેલા જમાઈએ અચાનક નિંદ્રામાંથી જાગી ગયેલા સસરા પર કુહાડીનો ઘા ઝીંકી દઈ જીવલેણ હુમલો કરી દેતાં ભારે ચકચાર જાગી છે. આ બનાવ અંગે આરોપો જમાઈ સામે હત્યા પ્રયાસ અંગે ગુનો નોંધવામાં આવ્યો છે.આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં પ્રણામી વે બ્રિજ પાછળના ભાગમાં ઝુપડપટીમાં રહેતા અને મૂળ મધ્યપ્રદેશના જાંબુવા જિલ્લાના વતની કરણ ગલીયાભાઈ મોહનિયા નામના ૨૨ વર્ષના શખ્સે તેજ વિસ્તારમાં ઝૂંપડું બનાવીને રહેતા પોતાના



સસરા સજનસિંહ ફતુભાઈ પારધીના માથામાં કુહાડાનો ઘા ઝીંકી દઈ જીવલેણ હુમલો કરી દેતાં તેને ગંભીર હાલતમાં સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આ જીવલેણ હુમલાના બનાવ અંગે ઇજાગ્રસ્ત સજનસિંહના નાના ભાઈ આનંદ પથુભાઈ પારઘીએ સિટી એ. ડિવિઝન પોલીસ મથકમાં આરોપી કરણ મોહનિયા સામે ફરિયાદ નોંધાવી છે.જે ફરિયાદના અનુસંધાને પોલીસે આરોપી સામે આઈપીસી કલમ ૩૦૭, ૩૨૩ તેમજ જીપીએક્ટ કલમ ૧૩૫(૧) મુજબ ગુનો નોંધ્યો છે, અને હાલ આરોપી ભાગી છૂટ્યો હોવાથી તેની શોધખોળ ચલાવવામાં આવી રહી છે.આરોપી કરણ મોહનીયા કે જે ઇજાગ્રસ્ત સજજનસિંહનો જમાઈ થાય છે, અને ગઈ મોડી રાત્રે સજજનસિંહ અને તેની નાની સગીર પૂત્રી કે જેઓ ઝુપડામાં સુતા હતા, જે દરમિયાન આરોપી પોતાની સગીર સાળીને ભગાડી જવા માટે આવ્યો હતો. જે દરમિયાન તેના સસરા એકાએક જાગી જતાં જમાઈએ ઉશ્કેરાટમાં આવી જઈ સસરા પર હુમલો કરી દીધો હતો અને ભાગી ગયા હતાં.

## ધ્રોળના મોડપરમાં રહેતી પરણીતાનો કિડનીની બીમારીથી કંટાળી ગળાફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં જિલ્લાના ધ્રોલ તાલુકાના મોડપર ગામમાં રહેતી એક પરણીતાએ પોતાની કિડની સહિતની બીમારીથી કંટાળી જઇ ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લઇ પોતાની જીવન લીલા સંકેલી લીધી છે.આ બનાવની વિગત એવી છે કે ધ્રોલ તાલુકાના મોડપર ગામમાં રહેતી લક્ષ્મીબેન વલ્લભભાઈ સોલંકી નામની ૪૬ વર્ષની મહિલાએ ગઈકાલે પોતાના ઘેર પંખાના હુકમાં ચુંદડી બાંધી ગળાફાંસા




દ્વારા આપઘાત કરી લીધો હતો. આ બનાવ અંગે મૃતકના પુત્ર વિપુલ વલ્લભભાઈ સોલંકીએ પોલીસને જાણ કરતાં ધ્રોલ પોલીસે ઘટના સ્થળે દોડી જઈ મૃતદેહનો કબજો સંભાળ્યો છે, અને પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી પોલીસમાં જાહેર કરાયા અનુસાર મૃતકને છેલ્લા કેટલાક વર્ષથી પથરીની બીમારી હતી જેના કારણે એક કિડની ફેઇલ થઈ ગઈ હતી. છેલ્લા એકાદ મહિનાથી છાતીમાં દુ:ખાવો પણ રહેતો હતો, અને બે દિવસથી ટાઈફોઈડની અસર થઈ ગઇ હતી. જે સમગ્ર બીમારીથી તંગ આવી જઇ આત્મહત્યાનું પગલું ભરી લીધાનું પોલીસમાં જાહેર થયું છે.

## ડ્રીમ પ્રોજેક્ટ પૂર્ણઃ ૨૫ ફેબ્રુઆરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારકામાં ’સુદર્શન સેતુ’નું લોકાર્પણ કરશે

**મુખ્ય સમાચાર, જામનગર**

રાજકોટ-ઓખા અને રાજકોટ-સોમનાથ, જેતલસર- વાંસજાળીયા સુધી રેલવે ઇલેક્ટ્રીફિકેશનની કામગીરીનું લોકાર્પણ ફેબ્રુઆરી ૨૫ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે જામનગર,દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લામાં રૂ ૪૧૫૩ કરોડ મૂલ્યના ૧૧ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે. દ્વારકામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ સુદર્શન સેતુનું સિગ્નેચર બ્રિજ.લોકાર્પણ થવાથી, હવે દ્વારકાથી બેટ દ્વારકા જવા માટે ભાવિકોને એક અનેરી સુવિધાનો લાભ મળી રહેશે. આ ત્રણેય જિલ્લાઓને આવરી લેતા વિકાસકાર્યોમાં માર્ગ અને મકાન, શહેરી વિકાસ, વિજ્ઞાન અને ટેક્નોલોજી, પેટ્રોલિયમ અને ગેસ મંત્રાલય, રેલવે તેમજ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના ૧૧ પ્રકલ્પો સામેલ છે.લોકાર્પણ થનારા વિકાસકાર્યો દેવભૂમિ દ્વારકામાં સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય, ભારત સરકાર તથા માર્ગ અને મકાન વિભાગ, રેલવે તેમજ પેટ્રોલિયમ અને ગેસ મંત્રાલય હસ્તકના ૫ વિકાસકાર્યોનું લોકાર્પણ કરવામાં આવશે. જે અંતર્ગત



દ્વારકા અને બેટ દ્વારકાને જોડતા અત્યાધુનિક સિગ્નેચર બ્રિજનું લોકાર્પણ કરવામાં આવશે. રૂ ૯૭૯ કરોડના ખર્ચે આ બ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું છે. ૨.૩ કિલોમીટર લંબાઇના બ્રિજની સાથોસાથ ૨.૪૫ કિમીનો એપ્રોચ રોડ અને પાર્કિની સુવિધા પણ વિકસિત કરવામાં આવી છે. કર્વ પાયલન ધરાવતો આ એક અનોખો બ્રિજ છે. તેના લીધે હવે દ્વારકાથી બેટ દ્વારકા સરળતાથી પહોંચી શકાશે.

**રેલવે વિભાગ દ્વારા રાજકોટથી ઓખા અને રાજકોટ-જેતલસર. સોમનાથ તેમજ**

જેતલસર-વાંસજાળીયા સુધી કુલ ૫૩૩ રેલવે કિ.મી લંબાઇ રેલમાર્ગનું ઇલેક્ટ્રીફિકેશન કરવામાં આવ્યું છે.રૂ ૬૭૬ કરોડ મૂલ્યના આ પ્રોજેક્ટનું વડાપ્રધાન લોકાર્પણ કરશે. ઇલેક્ટ્રીફિકેશન કામગીરીથી ડિઝલની બચત થશે અને લોકોની સુવિધામાં વધારો થશે. રાજકોટ-ઓખા ઇલેક્ટ્રીફિકેશન પ્રોજેક્ટ પૂર્ણ થવાથી દ્વારકા સુધી ઇલેક્ટ્રીક રૂટ પર ટ્રેન સુવિધા સરળતાથી મળી રહેશે. તે સિવાય પેટ્રોલિયમ અને ગેસ મંત્રાલય દ્વારા વાડીનારમાં બે ઓફશોર પાઇપલાઇન અને એક બોયનું લોકાર્પણ કરવામાં આવશે. આ પ્રોજેક્નું મૂલ્ય રૂ ૧૩૭૮ કરોડ છે.

જામનગરમાં કાલાવડ તાલુકાના છત્તર પાસે રૂ ૫૨ કરોડના ખર્ચે નિર્મિત ૧૨.૫ મેગાવોટ ક્ષમતાના વેસ્ટ લેન્ડ સોલાર પીવી પ્રોજેક્ટનું લોકાર્પણ કરવામાં આવશે.ખેડૂતો અને ઉપભોક્તાઓને સસ્તા દરે વીજળી આપવામાં તેમજ ખેડૂતોને દિવસ દરમિયાન વીજળી આપવામાં આ પ્રોજેક્ટ મદદરૂપ બનશે.

**ખાતમુહૂર્ત થનારા વિકાસકાર્યો**

આ કાર્યક્રમમાં માર્ગ અને મકાન, શહેરી વિકાસ, વિજ્ઞાન અને ટેક્નોલોજી તેમજ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના ૬ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. માર્ગ અને મકાન વિભાગ અંતર્ગત.ધોરાજી-જામકંડોરણા-કાલાવડ સેક્શનને પહોળી કરવાની કામગીરીનું ખાતમુહૂર્ત થશે. રૂ ૨૯૨ કરોડના ખર્ચે શરૂ થનાર આ પ્રોજેક્ટનો ફાયદો જામનગર, પોરબંદર અને રાજકોટ જિલ્લાને મળશે. શહેરી વિકાસ વિભાગ દ્વારા જામનગર શહેરમાં રૂ ૧૦૭ કરોડના ખર્ચે ગટર વ્યવસ્થા માટેના ત્રણ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ કામગીરી અંતર્ગત નાઘેડી વિસ્તાર અને મહાપ્રભુજી બેઠકથી ઠેબા ચોકડી રોડ અને ગુલાબનગર રેલવે ઓવરબ્રિજથી પુર્ણેશ્વર મહાદેવ મંદિર મેન રોડ સુધી અંડરગ્રાઉન્ડ ગટર નેટવર્ક સ્થાપિત કરવામાં આવશે. તે સિવાય કર્મચારીનગર વિસ્તારમાં એસબીઆર ટેક્નોલોજી આધારિત સ્યૂએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું ખાતમુહૂર્ત કરાશે.વિજ્ઞાન અને ટેક્નલોજી વિભાગ હેઠળ રૂ ૧૦૦ કરોડના ખર્ચે જામનગરમાં રિજનલ સાયન્સ સેન્ટર નિર્માણનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ સાયન્સ સેન્ટરને ૧૦ એકર વિસ્તારમાં વિકસિત કરવામાં આવશે. આ સાયન્સ સેન્ટરમાં પાંચ થીમ આધારિત ગેલેરી હશે. જેમાં શહેરની ઓળખ, મૂળભૂત વિજ્ઞાન, વિજ્ઞાનનું ભવિષ્ય અને સ્વાસ્થ્ય તેમજ કૃષિ વિજ્ઞાન વિશેની માહિતી રસપ્રદ રીતે રજૂ કરવામાં આવશે. આ સેન્ટરમાં પ્રદર્શન હોલ, ચિલ્ડ્રન્સ કોર્નર, વર્કશોપ, કાફેટેરિયા અને ઓફિસ વર્ક સ્ટેશન્સ પણ બનાવવામાં આવશે. વિકસિત ભારતના નિર્માણ માટે વિજ્ઞાન અને ટેક્નોલોજીને લોકો સુધી રસપ્રદ રીતે લઇ જવા અને બાળકો તથા યુવાઓમાં જિજ્ઞાસાવૃત્તિ નિર્માણ કરવાની દિશામાં આ સાયન્સ સેન્ટર મહત્વની ભૂમિકા ભજવશે. સાથોસાથ જામનગરના સિક્કા થર્મલ પાવર સ્ટેશનમાં ત્ર્યઉ સિસ્ટમને સ્થાપિત કરવાની કામગીરીનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ પ્રોજેક્ટનું મૂલ્ય રૂ ૫૬૯ કરોડ છે. આ સિસ્ટમની મદદથી પ્લાન્ટમાંથી થતા ઉત્સર્જનમાંથી સલ્ફર ડાયોક્સાઇડને ઘટાડી શકાશે. સલ્ફર ડાયોક્સાઇડનું ઉત્સર્જન રોકવાથી પ્રદૂષણ નિયંત્રણમાં મદદ મળશે.

## જામનગરમાં ૧૪૦ રહેણાંક મકાનના ડીમોલીશન સામે હાઈકોર્ટનો સ્ટે

**મુખ્ય સમાચાર, જામનગર**


જામનગરના સિદ્ધાર્થનગર, બાવરીવાસ, જોગણીનગર, દેવનગરના ૧૪૦ રહેણાંક મકાનના ડીમોલીશન સામે હાઇકોર્ટે સ્ટે ફરમાવ્યો છે. રેલવે વિભાગે ઘર અને જમીન ખાલી કરવા નોટીસ ફટકારી હતી. રેલવેના હાપાના સિનિયર સેક્સન ઈજનેર દ્વારા દિગજામ સર્કલ પાસે આવેલ સિદ્ધાર્થનગર, બાવરીવાસ, જોગણીનગર, દેવનગર વિસ્તારના ૨૫૦ જેટલા મકાનધારકોને ઘર અને જમીન ખાલી કરી દેવા બાબતે નોટિસ આપવામાં આવી હતી. જેમાં જણાવવામાં આવ્યું હતું કે આ જમીન રેલવે વિભાગ ની માલિકીની છે.આ નોટિસ ના અનુસંધાને વિસ્તારના લોકો દ્વારા રેલવે વિભાગ,



કલેકટર તેમજ મ્યુનિસિપલ કમિશનર સમક્ષ આ વિસ્તારના લોકોનું પુનઃવર્સન કરવાની માંગણી કરવામાં આવી હતી. તદઉપરાંત લોકો દ્વારા જામનગરના સાંસદ સભ્યનો સંપર્ક કરવામાં આવ્યો હતો. આથી સાંસદે લોકોને સાંત્વના આપી આ વિસ્તારના લોકોના પુનઃવર્સન કરવાની માંગણી બાબતે રાજકોટ ડીવીઝનલ રેલવે મેનેજરને અનુરોધ કર્યો હતો. સાથે સાથે પુનઃવસનની માંગણી કાયદાકીય રીતે યોગ્ય છે તેવું માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.જયારે આ વિસ્તારના લોકો દ્વારા તેમની પુનઃવસનની માંગણી અનુસંધાને તેમજ રહેઠાણના હકના રક્ષણ માટે ગુજરાત હાઇકોર્ટનો આશરો લેવામાં આવ્યો હતો. આથી હાઇકોર્ટ દ્વારા રેલવે વિભાગ, કલેકટર અને મ્યુનિસિપલ કમિશનરને નોટિસ ફટકારી ડિમોલેશનની કાર્યવાહી સામે મનાઈ હુકમ ફરમાવામાં આવ્યો છે. આ વિસ્તારના લોકો વતી ગુજરાત હાઇકોર્ટમાં એડવોકેટ મંગલ ગઢવી રોકાયા છે. અત્રે નોંધનીય છેકે, રેલવે વિભાગે મકાન ખાલી કરવા નોટિસ ફટકારી ત્યારે આ પ્રકરણ ચર્ચાનો વિષય બન્યો હતો.

# ચોટીલાના મોલડી ગામે યુવતીની છેડતી પ્રશ્ને મારામારીઃ બે ઘવાયા

## નવરાત્રીમાં યુવતીની છેડતી મામલે સમાધાન થયા બાદ ત્રણ શખ્સોએ હુમલો કર્યો

**મુખ્ય સમાચાર, ચોટીલા**

ચોટીલાના મોટી મોલડી ગામે નવરાત્રીમાં યુવતીની છેડતી કરવા મુદ્દે બે પરિવાર વચ્ચે ડખ્ખો થયો હતો. જેમાં સમાધાન થયા બાદ યુવતીના ભાઈ અને પિતરાઈ ઉપર ત્રણ શખ્સોએ હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા બંને યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ ચોટીલાના મોટી મોલડી ગામે રહેતા જીગ્નેશ હમીરભાઈ કાલરીયા (ઉ.વ.૨૩) અને તેનો પિતરાઈ ભાઈ મુકેશ મનસુખભાઈ કાલરીયા (ઉ.વ.૨૯) રાત્રીના સાડા દસેક વાગ્યાના અરસામાં પોતાના ગામમાં હતા ત્યારે દેવા કોળી અને હકા કોળી સહિતના શખ્સોએ ઝઘડો કરી પાઈપ વડે માર માર્યો હતો હુમલામાં ઘવાયેલા બંને યુવકને તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા આ અંગે રાજકોટ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે નાની મોલડી પોલીસને જાણ કરતા નાની મોલડી પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં ઈજાગ્રસ્ત યુવકની બહેનની નવરાત્રીમાં છેડતી કરી હતી જે બાબતે થયેલી તકરારમાં બંને પરિવાર વચ્ચે સમાધાન થઈ ગયું હોવા છતાં યુવતીના ભાઈ અને પિતરાઈ ઉપર હુમલો કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે આક્ષેપના પગલે નાની મોલડી પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# વડાપ્રધાનના આગમન પૂર્વે રાજકોટ શહેર પોલીસનો લોખંડી બંદોબસ્ત

## ૧૬ ડીએસપી, ૪૦ ડીવાયએસપી, ૧૫૦ પીઆઈ, ૧૩૦૦ પીએસઆઈ સહિત ત્રણ હજારથી વધુ પોલીસ જવાનો તૈનાત રહેશે


(તસ્વીરઃ આનંદ જાવિયા)





**મુખ્ય સમાચાર, રાજકોટ**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૫ ફેબ્રુઆરીના રોજ રાજકોટની મુલાકાતે આવી રહ્યા છે. ત્યારે વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા સાથે મળી તૈયારીને આખરી ઓપ આપવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારકાથી સીધા ગુજરાતની પ્રથમ રાજકોટ એઈમ્સ ખાતે આવનાર છે. તેઓ એઈમ્સનું લોકાર્પણ કરી બાદમાં હોસ્પિટલના અલગ અલગ વિભાગની મુલાકાત લેવાના છે. ત્યારે રાજકોટ એઈમ્સ ખાતે ઈન્ડિયન એરફોર્સના ત્રણ હેલિકોપ્ટર દ્વારા રિહર્સલ કરવામાં આવ્યું હતું. જ્યારે આવતીકાલે રાજકોટ જુના એરપોર્ટથી રેસકોર્સ સુધીના રસ્તા ઉપર કે જ્યાં પ્રધાનમંત્રી રોડ શો યોજવાના છે તે રૂટ ઉપર પોલીસ દ્વારા રિહર્સલ શરૂ કરી દેવામાં છે.

એઈમ્સ હોસ્પિટલથી પ્રધાનમંત્રી રાજકોટના જુના એરપોર્ટથી રેસકોર્સ મેદાન પહોંચવાના છે. પ્રધાનમંત્રી સાંજના લગભગ ૪ વાગ્યા આસપાસ રાજકોટ જુના એરપોર્ટ પર આગમન થવાનું છે અને ત્યાંથી રેસકોર્સ સુધીના રૂટ પર રાજકોટવાસીઓ પ્રધાનમંત્રીનું ભવ્ય સ્વાગત કરશે. તે સ્વાગત જીલવા માટે પ્રધાનમંત્રી ભવ્ય રોડ શો પણ કરવાના છે. જે માટે સુરક્ષા ધ્યાને રાખી ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. આ સાથે કોઈ ચૂક ન રહે તે માટે આજે પોલીસ દ્વારા પ્રધાનમંત્રીના આગમન પૂર્વે રૂટ પર આખરી રિહર્સલ કરવામાં આવશે. પ્રધાનમંત્રીના આગમનને લઈ રાજકોટમાં જડબેસલાક લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ત્યારે રાજકોટમાં જામનગર રોડ પર પરાપીપળીયા ખાતે આકાર લઈ રહેલી એઈમ્સ હોસ્પિટલ ખાતે ઇન્ડિયન એરફોર્સના હેલિકોપ્ટર દ્વારા રિહર્સલ કરવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રીની સુરક્ષામાં કુલ ૩ હજારથી વધારે પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓનું સુરક્ષકવચ તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં પોલીસ કમિશનરની અધ્યક્ષતામાં ૮ જેટલા DCP, 16 જેટલા DYSP, 50 જેટલા PI, 150 જેટલા PSI, 1300થી વધુ પોલીસ જવાન, ૧૭૦થી વધુ મહિલા પોલીસ, ૨૮૦થી વધુ જીઆરડી જવાન, ૫૦૦ જેટલા હોમગાર્ડ અને ૬૦૦ જેટલા ટ્રાફિક વોર્ડન તૈનાત રહે છે.

# સરધાર ગામે નરાધમે ૧૬ વર્ષની સગીરાનો દેહ અભડાવ્યો

## સગીરાના પરિવારજનો કામે ગયા ત્યારે પિતાના મિત્રએ એકલતાનો લાભ ઉઠાવ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરધારમાં ૧૬ વર્ષની સગીરા પર તેના જ પિતાના મિત્રએ દુષ્કર્મ ગુજારતા ચક્ચાર મચી જવા પામી છે.જ્યારે આ મામલે આજીડેમ પોલીસે ગુનો નોંધી નરાધમની શોધખોળ હાથ ધરી છે.

આ અંગે મળતી વિગત મુજબ, આજીડેમ પોલીસ મથક વિસ્તારમાં રહેતા અને મજૂરી કામ કરતાં પરિવારની ૧૬ વર્ષની સગીરા પર તેના પિતાના મિત્ર સુરેશ સોલંકીએ નઝર બગાડીને તેને હવસનો શિકાર બનાવતા આજીડેમ પોલીસમાં ગુનો નોંધી કાર્યવાહી કરી છે. ફરિયાદ મુજબ આરોપી સુરેશ સોલંકી સગીરાના પિતાનો મિત્ર છે. તે અવારનવાર સગીરાના ઘરે આવતો અને પિતા સાથે બેસતો દરમિયાન હવસ ખોરે સગીરા પર નજર બગાડી હતી. દરમિયાન બનાવના દિવસે આરોપી સગીરાના ઘરે ચડી આવ્યો હતો. અહીં સગીરાના પિતા સહિતના પરિવારજનો કામ પર ગયા હતા. સગીરા ઘરે એકલી જ હતી. સગીરાને એકલી જોઈ આરોપીનો બળજબરીથી સગીરા સાથે દુષ્કર્મ આચર્યું હતું. અને ભાગી ગયો હતો જ્યારે આ મામલે પરિવારજનો ઘરે આવતા સગીરાએ આપવીતી જણાવી હતી. જેથી પરિવાર પોલીસ મથકે ફરિયાદ કરતાં પીઆઈ એ.બી. જાડેજાએ તપાસ હાથ ધરી છે.

# અનુ. જાતિ સમાજ વિશે ટીપ્પણી કરનાર સામે કડક કાર્યવાહી કરવાની માંગ

## ધારીમાં સમાજના આગેવાનોએ ટીપણી કરનાર ગીગા ભમ્મર વિરૂધ્ધ આવેદનપત્ર આપ્યું



**મુખ્ય સમાચાર, ધારી**

ધારી પોલીસ સ્ટેશન ખાતે અનુ. જાતિ સમુદાય દ્વારા પોલીસ ઇન્સ્પેક્ટર દેસાઈને આવેદન પત્ર પાઠવ્યું આવ્યું. અનુ. જાતિ સમાજ માટે અપમાન જનક, ગેર બંધારણીય શબ્દો બોલી સમગ્ર સમાજનું અપમાન કરનાર ગીગા ભમ્મર વિરૂધ્ધ એટ્રોસીટી એક્ટ દાખલ કરી તેમજ લાગતા ગુન્હાઓ નોંધવા માંગ કરી રહ્યા છે.

ગત તા.૧૪/૦૨/૨૦૨૪ નાં રોજ તળાજા તાલુકાના નાના ધાણા ગામે શ્રી કૃષ્ણ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ તળાજા પ્રેરીત આહીર દેવાયત બોદર સમૂહ લગ્ન સમિતી આયોજીત આઠમાં સમુહ લગ્નમાં તળાજા તાલુકાના તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ ગીગા જીવાભાઈ ભમ્મર દ્વારા જાહેર મંચ પરથી જાણી બુજીને અનુ. જાતિ સમુદાયને અપમાનિત અને હડધુત કરવાના બંદ ઇરાદાથી સમગ્ર સમાજની લાગણી દુભાય તેવા બિન અંસદીય ગેરકાનુની અને ગેર બંધારણીય શબ્દો બોલી એટ્રોસીટી એક્ટ મુજબનો ગુન્હો આવરેલ છે. તેમજ સામાજીક સમરસતા જોખમી, શાંતી, દેશદ્રોહી જેવી પ્રવુતિ કરી અલગ- અલગ સમાજ વિરૂધ્ધ ઉશ્કેરણી કરી છે. જે મુજબનો વિડિયો સોશિયલ મીડિયામાં ફરી રહ્યો છે. જેનાથી અનુ. જાતિ સમાજને ખુબ જ માનહાનિ અને અપમાન જનક લાગી રહ્યું છે. જેથી આના સામે ધારા ધોરણ મુજબ ફરીયાદ નોંધી ગુન્હેગાર ને કડકમાં કડક સજા થાય તે પ્રકારે કાર્યવાહી કરવા અનુ. જાતિ ના આગેવાનો દ્વારા આવેદન પત્ર આપવામાં આવ્યું છે.

# કોઠારિયા ગામે ત્રણ વ્યાજખોરોએ તોતીંગ વ્યાજે નાણાં આપી યુવાનને ધોકાવ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોઠારીયામાં વ્યાજખોરોનો આતંક સામે આવ્યો છે. ત્રણ વ્યાજખોરોએ યુવાન પાસેથી ૪૦ ટકા તોતિંગ વ્યાજ પડાવી પઠાણી ઉઘરાણી કરી તેને ધોકા-પાઈપથી ઢોર મારમારતા સારવારમાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો છે. વિગત મુજબ કોઠારિયા ગામમાં રહેતા કલ્પેશભાઈ વલ્લભભાઈ ડાવરા (ઉ.વ.૩૫) ગઈકાલે સાંજના છ વાગ્યાની આસપાસ પોતાના ઘર પાસે હતાં ત્યારે ધસી આવેલા સંજય ગઢવી, મયુર ગઢવી અને પંકજ ઢોલરીયાએ બાઈકમાં ઉઠાવી પંકજ ઢોલરીયાના કારખાને ઢીકાપાટુ અને ધોકા-પાઈપથી ઢોર મારમાર્યો હતો. જેથી તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. જય તેઓ ત્રણ વર્ષ અગાઉ રૂ.ત્રીસ હજાર સંજય ગઢવી પાસેથી ૪૦ ટકા વ્યાજે લીધા હતા. જેમાંથી વ્યાજે લીધેલ પૈસા પૈકી સાડા ચાર લાખ રૂપિયા ચૂકવી દીધા હતા. છતાં પણ રૂ. ૧.૬૦ લાખની માંગણી કરતો હતો. જે પૈસા નહિ ચૂકવતા ગત તા.૨૧ એ સાંજે સંજય ગઢવી, મયુર ગઢવી અને પંકજ ઢોલરિયા ત્રણેય કોઠારીયા ગામે આવી બાઇકમાં પંકજ ઢોલરિયાના કારખાનાએ ઉઠાવી ગયા હતાં. જ્યાં માર માર્યો હતો. હાલ પોલીસ નોંધ કરી આગળની કાર્યવાહી કરી છે.

# મેંદરડાના રાજેસર ગામે લૂંટ ચલાવનાર ત્રણ શખ્સોની ધરપકડ કરતી જૂનાગઢ પોલીસ

## ગણતરીના દિવસોમાં એલસીબીની ટીમે લૂંટનો ભેદ ઉકેલી નાંખી તમામ મુદ્દામાલ કબ્જે કર્યો



**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢ ના મેંદરડા તાલુકાના રાજેસર ગામે ગણતરીના સમય પહેલા રહેતા જીતેન્દ્ર લોઢીયા અને તેના ભાઈ તુલસી લોઢિયા આ બંન્ને ભાઈઓ મેં બંધક બનાવી ત્યારબાદ ઠંડા કલેજે લૂંટ ચલાવવામાં આવી હતી રાજેસર ગામે લોઢીયા બંધુઓ સોના ચાંદીના બનાવવાનો વ્યવસાય કરે છે.ત્યારે રાત્રિના સુમારે જીતેન્દ્ર લોઢિયાના પરિચિત વ્યક્તિ દીપક અશોક જોગિયા સોની વેપારી ના ઘરે આવેલ અને આ બંન્ને એકબીજાને ઓળખતા હોય જેને લઇ ચા પાણી પી વાતચીત કરી હતી. અને ત્યારબાદ જીતેન્દ્ર લોઢિયાને ચા પીધા બાદ પાણી પીવાની ટેવ હોય જેથી જીતેન્દ્ર લોઢીયા રસોડામાં પાણી પીવા માટે ગયા હતા. ત્યારે ઘરે આવેલ દિપક જોગીયા અને તેના બે સાથી મિત્રો લોઢીયા બંધુઓને છરી અને રિવોલ્વરની અણીએ બંધક બનાવી અને ઠંડા કલેજે દીપક જોગીયા સહિતની ત્રિપુટી એ સોની વેપારીના ઘરમાં રાખેલા સોનાના ૮ બિસ્કીટ વજન ૯૨૮ ગ્રામ કિં રૂ.૫૮ લાખ, ૨૧ કિલો ચાંદી કિં રૂ.૧૪,.૭૦ લાખ અને રોકડ રૂ. ૯ લાખની લૂંટ ચલાવી હતી સોના, ચાંદી રોકડ મળી કુલ ૮૧.૭૦ લાખના મુદ્દામાલની લૂંટ કરી ત્રણે લૂંટારુઓ ગણતરીની મીનીટોમાં ફરાર થઈ ગયા હતા જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ૮૧ લાખથી વધુની લૂંટ કરનાર ત્રણ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા સીસીટીવી ફૂટેજ તેમજ અંગત બાતમીદારોની મદદ થી લાખોની આ લૂંટ કરનાર ત્રણે આરોપીઓનો ભેદ ઉકલી તેને ઉપલેટા ગામેથી ઝડપી લીધા છે. જુનાગઢ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ત્રણેય આરોપીઓને પકડી ૮૧ લાખથી વધુ નો મુદ્દા માલ આરોપીઓ પાસેથી રીકવર કરવામાં આવ્યો હતો. પોલીસ પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે આરોપી દીપક જોગીયા ફરિયાદીની ઓળખાણમાં હતો જેને લઈ જીતેન્દ્ર લોઢિયા પાસે સોનું હતું તેની જાણ આરોપીઓને હતી. ત્યારે પકડાયેલ આરોપીને આર્થિક તંગી હોવાના કારણે આ લૂંટ ચલાવી હોવાનું પોલીસ સમક્ષ કબૂલ્યું હતું. ઝડપાયેલા આરોપીઓની ક્રાઈમ કુંડળી તપાસતા આ પકડાયેલ આરોપી દિપક જોગીયા અને દિલીપ વાઘેલા અગાઉ પણ દારૂના ગુન્હામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલા છે.

# નોકરી આપવાની લાલચ આપી યુવતી પર દુષ્કર્મ કરનાર આરોપીની જામીન અરજી કોર્ટે ફગાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં નોકરી આપવાની લાલચ આપીને મહિલા સાથે દુષ્કર્મ કરનાર આરોપી દેવરાજ ગોહિલ સામે પોલીસે ચાર્જશીટ ફાઈલ કર્યા બાદ કોર્ટએ આરોપીની જામીન અરજી ફગાવી હતી.

આ કેસની હકીકત મુજબ, તારીખ ૧૦-૧૨-૨૩ના રોજ પ્રધુમનનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદી સ્ત્રીએ દુષ્કર્મની ફરિયાદ નોંધાવેલ અને જણાવેલ કે આરોપી દેવરાજભાઈ વાલજીભાઈ ગોહિલ એ નોકરી અપાવવાની લાલચ આપી ફરિયાદીની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચરેલ તેવી ફરિયાદ નોંધાતા પોલીસે આરોપી દેવરાજભાઈ વાલજીભાઈ ગોહિલની ધરપકડ કરી જેલ હવાલે કરેલ અને આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો મળી આવતા કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ ચાર્જશીટ થયા બાદ આરોપીએ જેલમાંથી જામીન ઉપર છૂટવા જામીન અરજી કરતા સરકાર તરફે વકીલ મુકેશ પીપળીયા હાજર રહેલ અને જામીન અરજીનો વિરોધ કરતા ધારદાર રજૂઆત કરેલ કે આરોપી સામે સમાજ વિરોધી ગુનો છે આવા ગુનાના આરોપીને જામીન આપવા જોઈએ નહીં. રજૂઆત ને ધ્યાને લઈ સેશન્સ જજ જે ડી સુથારે આરોપીની ચાર્જશીટ પછીની જામીન અરજી રદ કરેલ છે. આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયેલ હતા.

# વિરમ ગામના પીએસઆઈના ત્રાસથી કંટાળી રાજકોટના યુવાનનો આપઘાત

## ચાર મહિનાથી પીએસઆઈ હેરાન કરતા હોવાનો વિડિયો વાયરલ કરી યુવાને લોધીકાના ખાંભા ગામે મંદિરમાં આપઘાત કર્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ગોર્વધન ચોક પાસે રહેતા યુવકે લોધીકાના ખાંભાગામે મંદિરમાં ફાંસો ખાઈ આપઘાત કરી લેતા પોલીસે તપાસ કરતા યુવકે વિરમગામના પીએસઆઈ દારૂના કેસમાં છેલ્લા ચારેક માસથી હેરાન કરતા હોય કંટાળી પગલુ ભરી લીધાનો વિડીયો બનાવી વાયરલ કરી આ પગલુ ભરી લીધાનુ બહાર આવતા પરીવારે પીએસઆઈ વિરૂધ્ધ કાર્યવાહી કરવાની માંગ સાથે લાશ સ્વીકારવાનો ઈન્કાર કરતા લોધીકા પોલીસે વિરમગામના પીએસઆઈ વિરૂધ્ધ ગુનો નોંધતા પરીવારે લાશ સ્વીકારી હતી.

આ અંગેની વિગત મુજબ ૧૫૦ ફુટ રીંગ રોડ પર ગોવર્ધન ચોકમાં રહેતા દિપકભાઈ હરજીભાઈ ધાધરીયા (ઉ.૪૦) એ લોધીકાના ખાંભા ગામે રીબડા રોડ પર આવેલા મોગલ માતાજીના મંદિરેની છતના હુકમાં દોરડુ બાંધી ગળાફાંસો ખાઈ લેતા તેને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડાયો હતો જેનુ સારવાર મળે તે પહેલા મોત નિપજતા લોધીકા પોલીસે તપાસ કરતા મૃતક ત્રણ ભાઈમાં નાનો મૃતક યુવક સુથારી કામ કરતો અને સંતાનમાં એક પુત્ર હોવાનુ તેમજ વિરમગામ પોલીસ મથકમાં ચાર માસ પહેલા દારૂનો ગુનો નોંધાયો હતો જેમા દિપકનુ નામ ખુલ્યુ હતુ જેથી પી.એસ.આઈ. પટેલ માનસીક ત્રાસ આપતા હોય ગુરૂવારે રાત્રે ઘેરથી નિકળી જઈ આ પગલુ ભરી લીધાનુ તેમજ પગલુ ભર્યા પહેલા પીએસઆઈ સામે આક્ષેપ કરતા હોવાનો વિડીયો ઉતારી વાયરલ કરતા પરીવારે આરોપી સામે કડક કાર્યવાહીની માંગ સાથે લાશ સ્વીકારવાનો ઈન્કાર કરતા પોલીસે તેના મૃતકની પત્નિ અલ્પાબેનએ ફરીયાદ કરી હતી જેમા આરોપી વિરમગામના પીએસઆઈ હિતેન્દ્ર પટેલનુ નામ આપ્યુ હતુ. પોલીસ ફરીયાદમાં વધુ જણાવ્યુ હતુ કે ચારેક માસ પહેલા મૃતક દિપકે રાજસ્થાની શખસ પાસેથી વિદેશી દારૂ લીધો હોય ત્યાર બાદ તે વિરમગામ પોલીસે રાજસ્થાની શખસને આઠ પેટી દારૂમાં પકડી લીધો હોય જેમા નામ ખોલાવી ત્રણ લાખ લઈ જેલ પણ કરાવી હતી દરમ્યાન તા.૧૪ના રોજ પોલીસે દારૂના ગુનામાં કોઈને પકડયો હોય જેમા પી.એસ.આઈ. પટેલએ રૂ.૧૦ લાખની માંગ સાથે ધમકીઓ આપતા હોવાનુ જણાવતા પીએસઆઈ ગોહીલ સહીતના સ્ટાફે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

# અમરેલીના મોટા આસરાણા ગામે ધ સ્કુલ ઓફ સાયન્સના શિક્ષકે છાત્રા સાથે દુષ્કર્મ આચર્યુ

## પોલીસે શિક્ષક સામે સગીરાની ફરિયાદ નોંધી ધરપકડ કરી




**મુખ્ય સમાચાર, અમરેલી**

અમરેલીના મોટા આસરાણા ગામ નજીક એસઓએસ(ધ સ્કૂલ ઓફ સાયન્સ) શાળાના શિક્ષકે સગીરા સાથે દુષ્કર્મ આચાર્યું હતું. ડુંગર પોલીસ સ્ટેશનમાં એસઓએસ સ્કૂલમાં ફરજ બજાવતા શિક્ષક વિરુધ્ધ દુષ્કર્મની ફરીયાદ નોંધાઈ હતી. આરોપી શિક્ષકે જ સગીરા સાથે દુષ્કર્મ આચરતા હોવાની ઘટનાને લઈ સમ્રગ વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. જે બાદ ડુંગર પોલીસે આરોપીને પકડી પાડવા માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. શિક્ષકને એક ગુરુ તરીકે માનવામા આવે છે. પરંતુ આ એસ.ઓ.એસ શાળાના શિક્ષકે તો હદ વટાવી હતી. શિક્ષક હેવાન બન્યો હતો અને સગીરા સાથે દુષ્કર્મ આચાર્યુ હતું. ત્યારે ડુંગર પોલીસે આરોપી શિક્ષક તારાના ગામ મુકામેથી ગણતરીના કલાકોમા જ ઝડપી પાડી ધોરણસરની સરની કાર્યવાહી હાથ ધરી છે. અમરેલી જીલ્લામાં દુષ્કર્મની ઘટનાને લઈને શિક્ષણ જગતને ડાઘ લગાડતી ઘટના બની હતી. આ કામગીરીમાં અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિહની સુચનાથી નાયબ પોલીસ અધિક્ષક સાવરકુંડલા એચ.બી. વોરાના માર્ગદર્શન હેઠળ રાજુલા સીપીઆઈ પીઆઇ વે.એસ.પલાસ, ડુંગર પીએસઆઈ કે.જે. મૈયા, પો.કોન્સ વનરાજભાઈ ધાખડા, એ.એસ. આઈ અસરફભાઇ ચૌહાણ, પો.કોન્સ. રામભાઈ ભમ્મર, કનુભાઈ મોભ સહિત સ્ટાફ દ્વારા કામગીરી કરવામા આવેલ છે.

# ઉના તોડકાંડના સુત્રધાર પીઆઈ ગોસ્વામી નવ દિવસના રિમાન્ડ પર

## ફરાર એએસઆઈના આગોતરા જામીન નામંજુર થતા ધરપકડ કરવા તજવીજ હાથ ધરાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અહેમદપુર-માંડવી ચેકપોસ્ટ પર ચેકીંગના નામે ઉના પીઆઈ સહિતના ડીસેમ્બર એન્ડમાં તોડ કરતા હોવાની માહીતી આધારે સ્ટેટ અ.સીબીએ દરોડો પાડતા વચેટીયો પકડાઈ ગયો હતો જયારે તોડકાંડમાં સૂત્રધાર ઉના પીઆઈ સામેથી હાજર થતાં રાજકોટ ગ્રામ્ય એસીબીએ ધરપકડ કરી ૯ દિવસના રીમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરી છે.

ગત ડિસેમ્બર મહિનાના એન્ડમાં અહેમદપુર-માંડવી ચેકપોસ્ટ પર ચેકિંગના નામે પોલીસ પૈસાના ઉઘરાણા કરી તોડ કરતી હોવાની ફરિયાદ મળતાં સ્ટેટ એસીબીની ટીમે ડીકોય ગોઠવી દરોડો પાડતાં નાશભાગ મચી ગઈ હતી જયારે પોલીસ વતી ઉઘરાણા કરતો ઉનાનો ગેરેજ સંચાલક વચેટીયો નિલેશ અભેસીંગ તડવી પકડાઈ જતાં તેની પૂછપરછ બાદ મોબાઇલ તપાસતા ઉના પીઆઈ એન.કે.ગોસ્વામી અને એએસઆઇ નિલેશ મૈયા સાથે મોબાઈ લમાં વહીવટ મુદ્દેની વાતચીતના રેકોર્ડિંગ મળ્યા હતા આમ ચેકપોસ્ટ પર ચેકિંગના નામે પ્રવાસીઓ પાસેથી તોડ કરવાના કૌભાંડનો પર્દાફાશ થતાં જૂનાગઢ ડીવાયએસપીએ ઉના પીઆઈ, એએસઆઈ અને વચેટિયા સામે ગીર સોમનાથ એસીબીમાં ગુનો નોંધાવ્યો હતો અને તપાસ રાજકોટ ગ્રામ્ય એસીબીને સોંપાઈ હતી ગુનો દાખલ થયા બાદ ઉના પીઆઈ ગોસ્વામી અને એએસઆઈ મૈયા ધરપકડથી બચવા ભૂગર્ભમાં ઉતરી ગયા હતા અને કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી પરંતુ પીઆઈ નિલેશ ગોસ્વામીને સફળતા નહી મળતાં અંતે ગુરુવારે રાજકોટ ગ્રામ્ય એસીબી સમક્ષ હાજર થતાં પીઆઈ જે.એમ.આલ, રાઈટ ભાગ્યપાલસીંહ સહીતના સ્ટાફે આરોપીની ધરપકડ કરી કોર્ટ સમક્ષ રજુ કરતાં કોર્ટે તારીખ ૩ સુધીના એટલે કે ૯ દિવસના રીમાન્ડ મંજુર કરતા વધુ તપાસ હાથ ધરી છે.

# નાનામવા રોડ પર ભીમનગરમાં મશ્કરી પ્રશ્ને મારામારીઃએકને ઈજા

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે નાનામવા રોડ પર ભીમનગરમાં રહેતો અને કડીયાકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતો શ્યામલાલ ક્વરલાલ મેઘવાલ નામના યુવાને તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે, પાડોશમાં રહેતો રૂઘનાથ મેઘવાલ તેની પત્ની અને મવડી ચોકડી પાસે રહેતો રામદયાલ મેઘવાલ સહિત ત્રણ શખ્સોએ મજાક મશ્કરી કરવા પ્રશ્ને ઉશ્કેરાય જઈ ગાળો દઈ લોખંડના સળીયા વડે હૂમલો કરી શરીરે ઈજા કરી નાસી જતા ફરિયાદ નોંધાવી છે કે, બનાવના પગલે પીએસઆઈ એલ.બી.ડીંડોરએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# ફેસબુકમાં વીડિયો વાયરલ કરવા પ્રશ્ને ગોંડલમાં સાળા બનેવી પર હૂમલો

**મુખ્ય સમાચાર રાજકોટ**

ગોંડલમાં આવેલ સરવૈયા શેરીમાં રહેતા બસીરભાઈ યુનુસભાઈ શેખા નામના વેપારીએ ગોંડલ સીટી પોલીસમાં રમજાન ઉર્ફે ભોપલો સિપાહી, રમીજ કુરેસી ઉર્ફે, આર.કે.સિપાહી, વાલીયો હિરા અને અજાણ્યા ચાર માણસો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે કે, રમીઝ કુરેશીના ભાઈ વસીમનો વીડિયો ફેસબુકમાં વાયરલ કર્યાની સંકાએ ઝગડો થયો હોય જેનો ખાર રાખી આ સાતેય શખ્સોએ તેના સાળા સલમાન અને વેપારી પર લોખંડના પાઈપ અને કુહાડા વડે હૂમલો કરી સાળા બનેવીને ગંભીર ઈજા કરી નાસી ગયાની ફરિયાદ નોંધાવતા પીએસઆઈ વી.કે.કોઠયાએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT